પાના ૮, કિંમત રૂ.૨, તા. ૦૨-૦૨-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૪૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in pratapdarpan_official pratapdarpansrt@gmail.com pratapdarpan_official11

# સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ ચર્ચા

## ચર્ચા માટે ૧૮ કલાકનો સમય ફાળવાયો : રાહુલ ગાંધી પણ પ્રસ્તાવ પર બોલશે : બુધવારે વડાપ્રધાન મોદી સંસદમાં જવાબ આપશે

નવી દિલ્હી, તા. ૨

સોમવારે સંસદના બજેટ સત્રનો ચોથો દિવસ છે. આજે સંસદમાં રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. લોકસભામાં સાંસદ સર્બાનંદ સોનોવાલે પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટે ૧૮ કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે.

લોકસભામાં, વિપક્ષી નેતાઓ રાહુલ ગાંધી, તારિક અનવર, અમરિંદર રાજા વારિંગ, એન્ટો એન્ટોની અને જોતિમણિ આભાર પ્રસ્તાવ પર બોલશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ ફેબ્રુઆરી (બુધવાર) ના રોજ જવાબ આપશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ ૧૧ ફેબ્રુઆરીના રોજ બજેટ સંબંધિત પ્રશ્નોના જવાબ આપે તેવી અપેક્ષા છે.

રાજ્યસભામાં, ભાજપના સાંસદ સી. સદાનંદન માસ્ટર આભાર પ્રસ્તાવ રજૂ કરશે. ભાજપના સાંસદ મેધા વિશ્રામ કુલકર્ણી આ પ્રસ્તાવને સમર્થન આપશે.આ પહેલા, ૧ ફેબ્રુઆરીના રોજ, સીતારમણે ૮૫ મિનિટનું બજેટ ભાષણ આપ્યું હતું. બજેટ સત્ર દરમિયાન, વિપક્ષ સામાન્ય બજેટ અને એપ્સટિન સંબંધિત મુદ્દાઓ પર સંસદમાં હોબાળો મચાવે તેવી અપેક્ષા છે.



કોંગ્રેસના નેતા પવન ખેરાએ ૩૧ જાન્યુઆરીએ દાવો કર્યો હતો કે પીએમ મોદીએ માનવ તસ્કરી, સગીરોના જાતીય શોષણ અને બળાત્કારના દોષિત જેફરી એપ્સટિનની સલાહ સ્વીકારી હતી.લોકસભામાં પ્રશ્નકાળ સમાપ્ત થઈ ગયો છે. સાંસદો હવે અનુદાનની માંગણીઓ પર પ્રસ્તાવ રજૂ કરી રહ્યા છે.

કોંગ્રેસના નેતા જયરામ રમેશે સોમવારે કહ્યું હતું કે મનરેગા એક પરિવર્તનકારી કાયદો હતો, જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરાયેલી નવી યોજના, જે તેને બાયપાસ કરે છે, તે એક મોટી ખામી છે.

સંસદીય બાબતોના પ્રધાન કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિના ભાષણ પર આભાર પ્રસ્તાવ દરમિયાન સોમવારે ભાજપ પાસે પાંચ વક્તાઓ હશે, કારણ કે કુલ ફાળવેલ સમય ૧૮ કલાક છે. તે મુજબ, અમારી પાસે ભાષણ માટે ત્રણ દિવસ છે.

તેમણે સમજાવ્યું કે વડા પ્રધાન ૪ ફેબ્રુઆરીની સાંજે જવાબ આપશે. આને ધ્યાનમાં રાખીને, દ્ધદ્બછ ને લગભગ ૫૫% સમય મળશે, તેથી આજે પાંચથી છ વક્તાઓ હશે. મને કહેવામાં આવ્યું છે કે સર્બાનંદ સોનોવાલ પ્રસ્તાવ રજૂ કરશે અને તેજસ્વી સૂર્યા તેને સમર્થન આપશે, પછી વિપક્ષના નેતા રાહુલ ગાંધી બોલશે.

# કોલકાતામાં બે જૂથો વચ્ચે હિંસા ફાયરીંગમાં બે ઘાયલ, ૧૦ની ધરપકડ

### મોડી રાત્રે બોમ્બમારો, ગોળીબાર અને પથ્થરમારો કરતા તંગદીલી

નવી દિલ્હી, તા. ૨

પશ્ચિમ બંગાળના કોલકાતામાં બે જૂથો વચ્ચે અથડામણ થઈ. પરિસ્થિતિ હિંસામાં ફેરવાઈ ગઈ, બોમ્બ ફેંકવામાં આવ્યા અને ભારે ગોળીબાર થયો. હિંસામાં બે લોકો ઘાયલ થયા.

દક્ષિણ કોલકાતાના ગોલપાર્ક વિસ્તારમાં હિંસા થઈ. રવિન્દ્ર સરોબર પોલીસ સ્ટેશને તાત્કાલિક કાર્યવાહી કરી અને ૧૦ લોકોની ધરપકડ કરી.

પોલીસના જણાવ્યા અનુસાર, "પરિસ્થિતિ મોટાભાગે નિયંત્રણમાં છે. આજે સવારે ૧૦ લોકોની ધરપકડ કરવામાં આવી છે. અનેક સ્થળોએ દરોડા ચાલુ છે. વધુ લોકો સંડોવાયેલા હોવાની શંકા છે."

દક્ષિણ કોલકાતાના કંકુલિયા રોડ પર રવિવારે રાત્રે ૮:૩૦ વાગ્યાની આસપાસ હિંસા શરૂ થઈ. યુવાનોનું એક જૂથ પહોંચતાની સાથે જ સ્થાનિક રહેવાસીઓ તેમનો સામનો કરવા લાગ્યા. બંને જૂથો વચ્ચે ઉગ્ર બોલાચાલી બાદ પરિસ્થિતિ શારીરિક હિંસામાં ફેરવાઈ ગઈ. તેઓએ એકબીજા પર પથ્થરમારો શરૂ કર્યો, જેનાથી વિસ્તારમાં તણાવ સર્જાયો.

હિંસક ટોળાએ પોલીસ વાહન પર હુમલો કરવાનો પણ પ્રયાસ કર્યો. હિંસાને કાબુમાં લેવા માટે વિસ્તારમાં મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. આરોપીઓની ઓળખ માટે સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) ના એક નેતાએ ઘટનાસ્થળની મુલાકાત લીધી અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો. પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

# રાજસ્થાન, મધ્યપ્રદેશ અને યુપીમાં વરસાદ સાથે કરા પડયા

### જમ્મુ-કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં ફરીથી હિમવર્ષા શરૂ

નવી દિલ્હી, તા. ૨

ઉત્તર ભારતના હવામાનમાં બદલાવ જોવા મળ્યો છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં ફરીથી હિમવર્ષા અને વરસાદ પડ્યો છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં રવિવારે વરસાદ સાથે કરા પડ્યા હતા.

યુપીના ૧૫ જિલ્લામાં વરસાદ અને મુઝફ્ફરનગર સહિત ૪ જિલ્લામાં કરા પણ પડ્યા. જ્યારે રાજસ્થાનમાં રવિવારે બપોર પછી કોટા, ચિત્તોડગઢમાં કરા પડ્યા. મધ્ય પ્રદેશના નીમચ અને મંદસૌર જિલ્લાના ઘણા ભાગોમાં વરસાદ થયો અને કરા પડ્યા. કરા પડવાથી ખેતરોમાં ઉભેલા પાકને નુકસાન થયું છે.જમ્મુ-કાશ્મીરના પહેલગામ અને કાઝીગુંડના ઊંચાઈવાળા વિસ્તારોમાં રવિવારે હિમવર્ષા થઈ. જ્યારે શ્રીનગર સહિત દક્ષિણ કાશ્મીરના ઘણા ભાગોમાં વરસાદ થયો. ગુલમર્ગ સૌથી ઠંડો વિસ્તાર રહ્યો, જ્યાં લઘુત્તમ તાપમાન માઈનસ ૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું. ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં ગંગોત્રી-યમુનોત્રી ધામમાં રવિવારે હિમવર્ષા શરૂ થઈ ગઈ છે.હિમાચલ પ્રદેશમાં પણ રવિવારે બરફવર્ષા-વરસાદ થયો. સિમલા જિલ્લાના શિલારુ

અનુસંધાન પાના ૭ પર

# ટ્રેનમાં દાહોદથી ઉજ્જૈન જતા પરિવાર પર હિચકારો હુમલો

### ચાલુ ટ્રેને દીકરી તરફ વિધર્મી યુવકે સિગારેટનો ધુમાડો છોડતા મારામારી

નવી દિલ્હી, તા. ૨

ગુજરાતના દાહોદથી અસ્થિવિસર્જન માટે ઉજ્જૈન જઈ રહેલા પરિવાર સાથે ટ્રેનમાં મારપીટનો મામલો સામે આવ્યો છે. રતલામ સ્ટેશનથી કેટલાક યુવકો ટ્રેનમાં સવાર થયા હતા, જેઓ નાગદા જવાના હોવાનું કહેવાય છે. આરોપ છે કે રતલામથી ખાચરોદ વચ્ચેની યાત્રા દરમિયાન તેમાંથી એક મુસ્લિમ યુવકે પરિવારની એક છોકરી સાથે છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે પરિવારે તેનો વિરોધ કર્યો, ત્યારે વિવાદ શરૂ થયો. પીડિત પરિવારના જણાવ્યા અનુસાર, વિવાદ વધતાં ખાચરોદ સ્ટેશનથી મુસ્લિમ સમાજના વધુ લોકોને બોલાવી લેવામાં આવ્યા હતા. ત્યાર બાદ ૫૦થી ૬૦ લોકોએ ટ્રેનમાં ચઢીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધો સહિત આખા પરિવાર સાથે નિર્દયતાથી મારપીટ કરી. પીડિત પરિવાર હજુ પણ ભયભીત છે. પીડિત પરિવારની એક મહિલાએ જણાવ્યું કે આરોપી યુવક ટ્રેનમાં સિગારેટ પી રહ્યો હતો. જાણી જોઈને તે છોકરીઓ તરફ ધુમાડો ઉડાવી રહ્યો હતો. વિરોધ કરવા પર ગાળાગાળી શરૂ થઈ અને પછી મારપીટ કરવામાં આવી. હિંદુ સંગઠનોને ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો રેલવે સ્ટેશન પર એકઠા થઈ ગયા. મુસ્લિમ સમુદાય તરફથી પણ મોટી સંખ્યામાં લોકો સ્ટેશન પર પહોંચવા લાગ્યા. કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે લાઠીચાર્જ કરીને ભીડને વિખેરી નાખી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે મોટી સંખ્યામાં પોલીસ દળ નાગદા પહોંચી ગયું છે. જીઆરપી દ્વારા પીડિત પક્ષના નિવેદનો નોંધવામાં આવી રહ્યા છે. ઘટના સાથે જોડાયેલા તથ્યોની તપાસ કરવામાં આવી રહી છે.

# ચાંદીમાં ૧૬ હજાર અને સોનાના ભાવમાં વધુ ૪ હજારનો ઘટાડો

### ભારતમાં ૧૦ ગ્રામ સોનાના ભાવ ૧,૩૫,૯૫૧ રૂપિયા બોલાયો

નવી દિલ્હી, તા. ૨

સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો ચાલુ છે. બજેટ રજુ થયાના બીજા દિવસે સોમવારે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ પર ટ્રેડિંગ શરૂ થતાં સોનું- ચાંદી સસ્તી થઈ ગઈ. એક તરફ, ૧ કિલો ચાંદીના ભાવ એક ઝટકામાં લગભગ ૧૬,૦૦૦ રૂપિયાનો ઘટાડો થયો, તો બીજી તરફ, MCX પર ૧૦ ગ્રામ ૨૪ કેરેટ સોનાના વાયદા ભાવમાં ૪૦૦૦ રૂપિયાથી વધુનો ઘટાડો થયો. આજે સવારે ૯:૩૫ વાગ્યે મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (MCX) પર, સોનાનો ભાવ ૪,૨૬૬ (૩.૦%) ઘટીને ૧,૩૭,૯૫૧ પ્રતિ ૧૦ ગ્રામ થયો છે.

ગયા અઠવાડિયાના ગુરુવારે ઈતિહાસમાં પહેલીવાર ૪ લાખ રૂપિયાનો આંકડો પાર કર્યા પછી ચાંદીના ભાવ સતત તૂટી રહ્યા છે. રવિવારે, બજેટ ૨૦૨૬ના દિવસે, જ્યારે અઠવાડિયાના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવારે MCX પર કોમોડિટી ટ્રેડિંગ શરૂ થયું, ત્યારે ચાંદી ખુલતાની સાથે જ વધુ સસ્તી થઈ ગઈ.

ગયા કારોબારી દિવસે, ચાંદીના ભાવમાં તીવ્ર ઘટાડો થયો હતો અને પછી તે સુધરીને આખરે રૂ. ૨,૬૫,૬૫૨ પર બંધ થયો હતો. સોમવારે કારોબાર શરૂ

અનુસંધાન પાના ૭ પર

# વિરોધ પ્રદર્શનમાં માર્યા ગયેલા ત્રણ હજાર લોકોના નામોની યાદી ઈરાને જાહેર કરી

### સુરક્ષા દળોના ગોળીબારમાં કુલ મૃત્યુ પામેલા ૩૧૧૭ પૈકીના ૧૩૧ લોકોની ઓળખ થઈ નથી

નવી દિલ્હી, તા. ૨

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાનના કાર્યાલયે દેશમાં તાજેતરના અશાંતિ દરમિયાન માર્યા ગયેલા લોકોની યાદી જાહેર કરી છે. આ યાદીમાં ૨,૯૮૬ લોકોના નામ શામેલ છે. રવિવારે રાષ્ટ્રપતિ કાર્યાલયની વેબસાઈટ પર પોસ્ટ કરાયેલા એક નિવેદનમાં જણાવાયું છે કે ઈરાનના કાનૂની તબીબી સંગઠન તરફથી મળેલા ડેટાના આધારે રાષ્ટ્રપતિના નિર્દેશો પર આ યાદી તૈયાર કરવામાં આવી છે. તેમાં



નાગરિકો અને સુરક્ષા દળોના કર્મચારીઓ બંનેના નામ શામેલ છે. રાષ્ટ્રપતિ કાર્યાલય અનુસાર, અત્યાર સુધીમાં કુલ ૩,૧૧૭ લોકો મૃત્યુ પામ્યા છે. જેમાંથી ૧૩૧ લોકો અજાણ છે. સિન્હુઆ ન્યૂઝ એજન્સી અનુસાર, તેમની ઓળખ થયા પછી વધારાની યાદી જાહેર કરવામાં આવશે.

નિવેદનમાં જણાવાયું છે કે સરકાર સંપૂર્ણ પારદર્શિતા અને જવાબદારી માટે પ્રતિબદ્ધ છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે બધા મૃતકો ઈરાનીઓના પોતાના બાળકો હતા અને કોઈ પણ પીડિત પરિવારને અવગણવામાં આવશે નહી.

એ નોંધવું જોઈએ કે ડિસેમ્બરના અંતથી જાન્યુઆરી સુધી, ઈરાને અઠવાડિયા સુધી વિરોધ પ્રદર્શનો જોયા હતા. આ પ્રદર્શનો દેશના ચલણ, રિયાલના ઝડપી અવમૂલ્યનના પ્રતિભાવમાં શરૂ થયા હતા. શરૂઆતમાં, આ વિરોધ શાંતિપૂર્ણ હતા, પરંતુ બાદમાં તે અથડામણમાં ફેરવાઈ ગયા, જેના પરિણામે જાનમાલનું નુકસાન થયું, તેમજ મસ્જિદો, સરકારી ઈમારતો અને બેંકોને નુકસાન થયું. ઈરાને આ ઘટનાઓ માટે યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈઝરાયલને દોષી ઠેરવ્યા છે.

અનુસંધાન પાના ૭ પર

# એપસ્ટીન ફાઈલમાં પૂર્વ બ્રિટિશ રાજદૂત પીટરની સંડોવણી જાહેર

### પીટરે મન્ડેલસનનું બ્રિટનની લેબર પાર્ટીમાંથી રાજીનામું

નવી દિલ્હી, તા. ૨

પૂર્વ બ્રિટિશ રાજદૂત પીટર મેન્ડેલસનની જેફ્રી એપસ્ટીન સાથે જોડાયેલી નવી ફાઈલોમાં એક તસવીર સામે આવી છે. જેમાં મેન્ડેલસન એક મહિલા સાથે માત્ર અન્ડરવેર અને શર્ટમાં જોવા મળી રહ્યા છે, મહિલા બાથરોબમાં છે.તસવીર સામે આવ્યા બાદ મેન્ડેલસને પીએમ કીર સ્ટાર્મરની લેબર પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. મેન્ડેલસને કહ્યું કે તેઓ પાર્ટીને વધુ શરમજનક સ્થિતિમાં મૂકવા નથી માંગતા, તેથી તેઓ પાર્ટીનું સભ્યપદ છોડી રહ્યા છે.નવા દસ્તાવેજોમાં બેંક રેકોર્ડ્સ બતાવવામાં આવ્યા છે, જેમાં ૨૦૦૩ અને ૨૦૦૪માં એપસ્ટીને મેન્ડેલસન સાથે જોડાયેલા ખાતાઓમાં કુલ ૭૫,૦૦૦ અમેરિકી ડોલરની ત્રણ અલગ-અલગ ચૂકવણી કરી હતી, દરેક ચૂકવણી ૨૫,૦૦૦ ડોલરની હતી.ગયા વર્ષે સપ્ટેમ્બરમાં એપસ્ટીન સાથેના તેમના જૂના સંપર્કો સામે આવ્યા બાદ તેમને પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા. સ્ટાર્મરે મેન્ડેલસન પર ટિપ્પણી કરતા કહ્યું કે તેમને ગયા વર્ષે જ રાજદૂત પદ પરથી હટાવી દેવામાં આવ્યા હતા અને હવે તેઓ આ બાબતે કંઈ કહેવા માંગતા નથી.અમેરિકી ન્યાય વિભાગે ૩૦ જાન્યુઆરીએ જેફ્રી એપસ્ટીન તપાસ સાથે જોડાયેલા અંદાજે ૩૦ લાખ પાનાના દસ્તાવેજો, ૨,૦૦૦ વીડિયો અને ૧.૮ લાખ તસવીરો જાહેર કરી છે.

અનુસંધાન પાના ૭ પર

# યુરોપના દેશો પાસેથી પાકિસ્તાન હવે ડયુટી ફ્રી માલ મેળવી શકશે નહીં

### મોદીના માસ્ટર સ્ટ્રોકથી પાકિસ્તાનની કમર ભાંગી ગઈ

નવી દિલ્હી, તા. ૨

ભારત અને યુરોપિયન યુનિયન (EU) વચ્ચે થયેલી ઐતિહાસિક ફ્રી ટ્રેડ ડીલ (FTA)એ પાકિસ્તાનની ઊંઘ ઉડાવી દીધી છે. અત્યાર સુધી યુરોપના બજારમાં જે ટેક્સટાઈલ અને ગાર્મેન્ટ સેક્ટરમાં પાકિસ્તાન 'GSP પ્લસ' સ્ટેટસ હેઠળ ડ્યૂટી-ફ્રી એક્સેસનો ફાયદો ઉઠાવતું હતું એ હવે ભારતના ઝીરો-ડ્યૂટી પ્રવેશ સાથે ખતમ થઈ જશે. આર્થિક પાયમાલીનો સામનો કરી રહેલા પાકિસ્તાન માટે આ ડીલ 'મધર ઓફ ઓલ સેટબેક' સાબિત થઈ રહી છે, કારણ કે એના કારણે પાકિસ્તાનના ટેક્સટાઈલ ઉદ્યોગને વાર્ષિક અબજો ડોલરનું નુકસાન અને લાખો નોકરીઓ જવાનો ખતરો પેદા થયો છે. ભારત અને યુરોપિયન યુનિયન (EU)ના ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA)થી પાકિસ્તાનમાં ૧ કરોડ નોકરી જોખમમાં છે. તેને અબજો ડોલરના નુકસાનનો પણ ડર છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, પાકિસ્તાને આ કરાર અંગે ગુરુવારે જણાવ્યું હતું કે તે ઈના અધિકારીઓના સંપર્કમાં છે. તે એ સમજવાનો પ્રયાસ કરી રહ્યું છે કે ભારત-EU FTA ની તેની નિકાસ પર શું અસર પડશે.

ભારત અને (EU)એ ૨૭ જાન્યુઆરીના રોજ FTA પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરારથી બે એવી અર્થવ્યવસ્થાઓ એકસાથે આવી છે, જે વિશ્વની લગભગ એક-ચતુર્થાંશ વસતિ, ૨૫% વૈશ્વિક GDP અને લગભગ ૨ અબજ લોકોનું સંયુક્ત બજાર બનાવે છે.

પાકિસ્તાન આ ડીલથી પરેશાન છે, કારણ કે લાંબા સમયથી તેને યુરોપિયન માર્કેટમાં ભારત પર લીડ મળી હતી. આનું કારણ EUની GSP પ્લસ યોજના હતી. આ યોજના હેઠળ પાકિસ્તાનને તેનાં

અનુસંધાન પાના ૭ પર

# બલુચિસ્તાનમાં બળવાખોરોએ પાક.ના ૨૦૦ જવાનોને ઠાર માર્યા

### પોલીસ અને ફ્રન્ટિયર કોરના ૧૭ જવાનોને બલુચ આર્મીએ બંધક બનાવ્યા

નવી દિલ્હી, તા. ૨

બલુચિસ્તાનમાં બલુચ લિબરેશન આર્મી (BLA) અને પાકિસ્તાની સેના વચ્ચેનો સંઘર્ષ અત્યાર સુધીના સૌથી હિંસક વળાંક પર પહોંચી ગયો છે. મ્ન્હ્ર એ 'ઓપરેશન હેરોફ' ના બીજા તબક્કા હેઠળ પાકિસ્તાની સુરક્ષા દળો પર ચોતરફા હુમલા તેજ કર્યા છે. છેલ્લા ૪૦ કલાકથી ચાલી રહેલી આ ભીષણ સૈન્ય કાર્યવાહીમાં મ્ન્હ્ર એ દાવો કર્યો છે કે તેમણે સેના, પોલીસ અને ફ્રન્ટિયર કોરના ૨૦૦થી વધુ જવાનોને ઠાર કર્યા છે, જ્યારે ૧૭ ને બંધક બનાવ્યા છે.બલૂચ લિબરેશન આર્મીની મજીદ બ્રિગેડે આ વખતે મહિલા ફિદાયીનોને અગ્રિમ હરોળમાં ઉતારીને પોતાની રણનીતિમાં મોટો ફેરફાર કર્યો છે. આસિફા મેંગલ અને હવા બલૂચ જેવી મહિલા લડાયકોના આત્મઘાતી હુમલાઓએ માત્ર પાકિસ્તાની સેના અને ISIને ભારે નુકસાન પહોંચાડ્યું નથી, પરંતુ આ સંઘર્ષને એક નવા અને વધુ ઘાતક વળાંક પર લાવી દીધો છે. આ હુમલાઓ બલૂચિસ્તાનના વ્યૂહાત્મક ઠેકાણાઓ અને ગુપ્તચર મુખ્યાલયો પર કેન્દ્રિત છે.

૨૩ વર્ષીય આસિફા મેંગલ મજીદ બ્રિગેડની ત્રીજી મહિલા ફિદાયીન છે, જેમણે ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ નુશકી સ્થિત ISI મુખ્યાલયને પોતાનું નિશાન બનાવ્યું. ૨૦૦૨માં જન્મેલી આસિફા ઓક્ટોબર ૨૦૨૩માં BLA માં જોડાઈ હતી. તેણે વિસ્ફોટક ભરેલી ગાડી (VBIED) દ્વારા

અનુસંધાન પાના ૭ પર


## પ્રતાપ દર્પણ

સુરત માટે પત્રકારો તથા સુરત જિલ્લા માટે ખબરપત્રી જોઈએ છે.




મો.નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

# કેન્દ્રીય બજેટ અંગે સુરતમાં વિવિધ જગ્યાઓ પર જીવંત પ્રસારણ કાર્યક્રમ

## ભારતીય જનતા પાર્ટી સુરત મહાનગર દ્વારા પ્રત્યેક વોર્ડમાં બજેટ અંગે કાર્યક્રમ યોજાયા

સુરત, તા.૨

સુરત મહાનગર ખાતે વિવિધ જગ્યાઓ પર બજેટ અંગે જીવંત પ્રસારણ કાર્યક્રમો યોજાયા હતા જેમાં સમૃદ્ધિ ભવન નાનપુરા ખાતે સુરત મહાનગર અધ્યક્ષ શ્રી પરેશ પટેલ મેયર શ્રી દક્ષેશ માવાની સ્થાયી સમિતિ ચેરમેન શ્રી રાજનભાઈ પટેલ દક્ષિણ ઝોનના સંયોજક શ્રી જગદીશ પટેલ સહિત ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખીલ મદ્રાસી ચેમ્બર ની સમગ્ર ટીમ સાથે ઉપસ્થિત રહી જીવંત પ્રસારણ નિહાળ્યું હતું શહેર ના ભાજપ હોદ્દેદાર શ્રી ઓ વેપાર જગત સાથે સંકળાએલ અગ્રણી ઓ પણ ઉપસ્થિત રહ્યા હતા તથા ઈંડિયા ડાયમંડ ઈન્સ્ટિટ્યુટ સુમુલ ડેરી રોડ ખાતે ધારાસભ્ય શ્રી પ્રવિણ ઘોઘારી તથા ડાયમંડ એસોસિએશન ના પ્રમુખ શ્રી દિનેશ નાવડીયા ઉપસ્થિત રહ્યા હતાં



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે બજેટ અંગે જીવંત પ્રસારણ કાર્યક્રમ યોજાયો હતો જેમાં ધારાસભ્ય શ્રી સંદીપ દેસાઈ પણ ઉપસ્થિત રહ્યા હતા આ બજેટ માં રજૂ થયેલ મુદ્દાઓ નીચે મુજબ છે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે. નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સિતારામનજીએ સતત નવમી વાર બજેટ રજૂ કર્યું કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું આ બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે. તેમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. આ ત્રણ કર્તવ્યોમાં સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને ''સૌના સાથ, સૌના વિકાસના'' મંત્રથી આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. પૂર્વ ભારતના દાનકુનીથી સુરત સુધીના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી રાજ્યના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટીક્સ સેવાઓ મળતી થશે. ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને મળશે. એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે. ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે

અનુસંધાન પાના ૭ પર

# આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસનને આગળ ધપાવતું આ બજેટ છેઃ મુખ્યમંત્રી પટેલ

### કેન્દ્રીય બજેટ અંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા

સુરત, તા.૨

કેન્દ્રીય બજેટ અંગે માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રતિક્રિયા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સામાન્ય લોકોને પ્રાધાન્ય આપ્યું છે. તેમના નેતૃત્વમાં વિકસિત અને આત્મનિર્ભર ભારત માટે રિફોર્મ એક્સપ્રેસને આગળ ધપાવતું આ બજેટ છે. નાણાંમંત્રી શ્રીમતિ નિર્મલા સિતારામનજીને સતત નવમી વાર બજેટ રજૂ કરવા માટે અભિનંદન પાઠવું છું. કર્તવ્ય ભવનમાં તૈયાર થયેલું આ બજેટ ત્રણ કર્તવ્યો પર ઝોંક આપતું બજેટ છે.

તેમાં ગ્યાન એટલે કે 'ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિ' તથા દિવ્યાંગજનના પીલર્સ મજબૂત થશે. આ ત્રણ કર્તવ્યોમાં સમાજના બધાં જ ક્ષેત્રોને અને દરેક વર્ગને ''સૌના સાથ, સૌના વિકાસના'' મંત્રથી આવરી લેવાનો ખૂબ જ સરાહનીય અભિગમ રાખવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈન્ડસ્ટ્રીઝ, કટીંગ એજ ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ડેટા સેન્ટર્સ જેવા ક્ષેત્રો પર ખાસ ફોકસ કરવામાં આવ્યું છે. એમ.એસ.એમ.ઈ. પર ભાર મૂકવામાં આવ્યો છે તેનાંથી લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગોને મોટો ફાયદો થશે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રોમાં ઉદ્યોગોને જે પ્રોત્સાહનો જાહેર કરવામાં આવ્યાં છે તે પણ ગુજરાતના મેન્યુફેક્ચરીંગ સેક્ટરને બૂસ્ટ અપ કરશે.

પૂર્વ ભારતના દાનકુનીથી સુરત સુધીના ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોરથી રાજ્યના વ્યાપાર-ઉદ્યોગ અને ઉત્પાદન ક્ષેત્ર માટે ઝડપી લોજિસ્ટીક્સ સેવાઓ મળતી થશે. ટેક્સટાઈલ સેક્ટરને વધુ ઉત્તેજન આપવા જાહેર કરવામાં આવેલી ૬ જેટલી યોજનાઓનો લાભ ગુજરાતના ટેક્સટાઈલ સેક્ટરને મળશે. ત્રણ કેમિકલ પાર્ક્સની જાહેરાત તથા બાયોફાર્મા ઈન્ડસ્ટ્રીઝ માટે ૧૦ હજાર કરોડની જે જાહેરાત થઈ છે તેનો પણ લાભ ગુજરાતના આ ક્ષેત્રના ઉદ્યોગોને મળશે. ગુજરાત દેશમાં મ્યુનિસીપલ બોન્ડ ઈશ્યૂમાં અગ્રેસર રહ્યું છે આ બજેટમાં મ્યુનિસીપલ બોન્ડ માટે જે પ્રોત્સાહન જાહેર થયાં છે તેનો લાભ ગુજરાતની મ્યુનિસીપાલીટીઝને પણ મળશે. ૫ લાખથી વધુ વસ્તી વાળા ટીયર-ટુ અને ટીયર-થ્રી શહેરોને સિટી ઈકોનોમિક રિજીયોન બનાવવાની જાહેરાતથી રાજ્યના નાના શહેરોનો સુગ્રથિત વિકાસ વેગવંતો બનશે. જામનગરનાં ગ્લોબલ ટ્રેડીશનલ મેડિસીન સેન્ટરને અપગ્રેડ કરવાની જાહેરાતથી પરંપરાગત

અનુસંધાન પાના ૭ પર

# સાંધીએર ગ્રુપ કો-ઓ.કોટન ગ્રોઅર્સ મંડળીમાં હેમુ પાઠકની બિનહરીફ વરણી

### મંડળીની ખાલી પડેલ અનુ.જાતિ/અનુ.જન જાતિની બેઠક ઉપર સર્વાનુમતે વરણી

સુરત, તા.૨

સાયણ જીન કેમ્પસની ધી સાંધીએર ગ્રુપ કો-ઓ.કોટન ગ્રોઅર્સ સહકારી મંડળીમાં સાયણનાં હેમુભાઈ ઉર્ફે લાલુ પાઠકની બિનહરીફ વરણી કરવામાં આવી છે. જેના પગલે તેના સમર્થકોએ ખુશીની લહેર સાથે હેમુ પાઠકને અભિનંદન પાઠવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ ધી સાંધીએર કોટન સહકારી મંડળી ની બોર્ડ મિટિંગ ગત તા.૩૧ મી જાન્યુઆરીનાં રોજ મંડળીનાં પ્રમુખ કમલેશભાઈ દેસાઈ નાં અધ્યક્ષસ્થાને મળી હતી.આ મિટિંગ નાં એજન્ડા મુજબ નાં કામો પૈકી મંડળીનાં કમિટી સભ્ય રાજુભાઈ ભગુભાઈ સુરતીનાં રાજીનામાંથી ખાલી પડેલ અનુ.જાતિ અને અનુ.જનજાતિની બેઠક બાકીના અઢી વર્ષનાં સમયગાળા માટે પુરવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ બેઠક ઉપર સાયણનાં સભાસદ હેમુભાઈ ઉર્ફે લાલુ ખુશાલભાઈ પાઠકનાં નામની દરખાસ્ત રજૂ થતા ઉપસ્થિત બોર્ડનાં તમામ સભ્યોએ ટેકો જાહેર કરતા અન્ય કોઈ દરખાસ્ત ન હોવાથી હેમુ ઉર્ફે લાલુ પાઠક સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે,સાયણ વિસ્તારમાં કાર્યરત વિકાસ કામોની દેખરેખ માટે ખડેપગે દોડતા અને સામાન્ય લોકોનાં પ્રશ્નોનાં ઉકેલ માટે સતત જાગૃત એવા હેમુ ઉર્ફે લાલુ પાઠક હાલમાં ઓલપાડ તાલુકા પંચાયત કચેરીમાં સામાજિક ન્યાય સમિતિનાં અધ્યક્ષપદે તેમજ સાયણ સીટ પરથી ચૂંટાયેલ તા.પં.નાં સભ્યપદે પણ સેવા આપી રહ્યા છે.




**ટાટા મોટર્સ દ્વારા લોનાવલા ખાતે યોજાયેલ લોએસ્ટ રંજી સ્પેરપાર્ટસ માં વેસ્ટ રિજિયન -3 માં શ્રીજી ઓટોમાર્ટ સુરત નો પહેલો નંબર આવતા શ્રીજી ઓટો માર્ટ ના ઝઈ અલ્પેશભાઈ પ્રજાપતિ અને એની ટીમે ટાટા મોટર્સના નેશનલ સર્વિસ હેડ સિદ્ધાર્થ રે, રમેશ વર્ધરાજન ઝોનલ હેડ, સર્વોત્તમ ભગવાન વગેરે એવોર્ડ આપતી વખતે ઉપસ્થિત રહ્યા હતા. એમની હાજરીમાં શ્રીજી ઓટો માર્ટના સીઈઓ અને એની ટીમે એવોર્ડ સ્વીકાર્યો હતો.**

# મંદરોઈ ગામે ઝીંગા તળાવ પર ટ્રેક્ટર પલ્ટી જતા ચાલકનું મોત

### ટ્રેક્ટર ઝીંગા તળાવની પાળા પર ચઢાવતી વખતે પલ્ટી ગયું

સુરત, તા.૨

ઓલપાડ તાલુકાના કાંઠા વિસ્તારના મંદરોઈ ગામે ઝીંગા તળાવ ઉપર ટ્રેક્ટરથી પાળા ચઢાવતી વખતે રાજસ્થાની યુવકનું ટ્રેક્ટર પલ્ટી મારતા ટ્રેક્ટર નીચે દબાયેલા ચાલકને મોત ભરખી ગયું છે. મુળ રાજસ્થાન રાજયના બિકાનેર જિલ્લાનો વતની દિનદયાલ મોહનરામ દુડી(ઉ.વ.૨૦)હાલમાં ઓલપાડ કાંઠા વિસ્તારના મંદરોઈ ગામની સીમમાં સર્વે નં:૪૦૬ વાળી સંજયભાઈ પટેલની ખારપાટ જમીનમાં બની રહેલ ઝીંગા તળાવની રૂમમાં રહેતો હતો.તે હાલમાં તેના કબજાના ટ્રેક્ટર નં:આર.ડી-૦૭૫૪ હંકારી ઝીંગા તળાવના પાળા બનાવી રહ્યો હતો.ગત શનિવાર તા.૩૧ ના રોજ દિનદયાલ બપોરે-૨:૦૦ કલાક ના સુમારે ટ્રેક્ટર હંકારી તળાવની પાળ ચઢાવી રહ્યો હતો,ત્યારે તેણે ટ્રેક્ટર ભયજનક રીતે હંકારતા ટ્રેક્ટર તળાવના પાળા પરથી ઉંડા ખાડામાં પલ્ટી મારી ગયું હતું.જેથી તે ટ્રેક્ટર નીચે દબાઈ જતા તેને શરીરે જીવલેણ ઈજા થવાથી સારવાર અર્થે ઓલપાડ ખાતેના સરકારી દવાખાને લાવવામાં આવ્યો હતો.જ્યાં ચાલુ સારવાર દરમ્યાન તેને મોત ભરખી ગયું હતું. આ બાબતે ત્યાં કામ કરતા મૃતક યુવકના મામા લિછમણરામ બુધારામ સરને ઓલપાડ પોલીસને જાણ કરી હતી.જેના પગલે પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ અ.હે.કો.પ્રિયંક નટવર કરી રહ્યા છે.




# વૈષ્ણવ વરિષ્ઠ પરિવાર દ્વારા વડીલ વંદના અને પુત્રવધુઓનું સન્માન

### લગ્નજીવનના ૫૦મી વર્ષગાંઠની ઉજવણી

સુરત, તા.૨

વૈષ્ણવ વરિષ્ઠ પરિવાર, અડાજણ દ્વારા લગ્ન જીવન નાં ૫૦ વર્ષ તથા જીવનનાં ૭૫, ૮૦, ૮૫ અને ૯૦ વર્ષ પૂર્ણ કર્યા, એ નિમિતે વડીલોનો સત્કાર કરવા માટે નો કાર્યક્રમ તારીખ ૨૬ - ૦૧ -૨૦૨૬ ના રોજ ઈશીતા પાર્ક, અડાજણમાં સિનીયર સીટીઝન હોલ ખાતે યોજાયો હતો, જે એક અનોખો અને અજોડ હતો. સંસ્થાનાં પ્રમુખ શ્રી કિરીટભાઈ પચ્ચીગર, ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ સુતરીઆ અને મંત્રી શ્રી કિશોર ભાઈ ટેલર નાં માર્ગ દર્શન હેઠળ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી અતુલભાઈ કાપડિયા અને અતિથી વિશેષ તરીકે શ્રી પ્રકાશબાબુ મિસ્ત્રી તથા શ્રી નિતિનભાઈ ઝવેરી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ માં વૈષ્ણવ વરિષ્ઠ પરિવાર ની ૧૩ મી વર્ષગાંઠની ઉજવણી, વડીલ વંદના અને પુત્રવધુ નું સન્માન નું આયોજન કરાયુ હતું. જેમાં સિનીયર સીટીઝનો નું અસલ લગ્ન ની પ્રથાનાં રૂપે રજુ કરાયું હતું, તેમજ પુત્રવધુ નું સન્માન કંકુ અને તિલક કરી કરાયું હતું. મોટી સંખ્યા માં સિનીયર સીટીઝનો ની હાજરી હોવાથી વાતાવરણ ઉલ્હાદક હતું.

# વનિતા વિશ્રામ યુનિ.મા 'હન્ડ્સ-ઓન રોબોટિક્સ વર્કશોપનું આયોજન કરાયું

### વિદ્યાર્થીઓને રોબોટિક્સ ક્ષેત્રમાં ભવિષ્યની તકો વિશે માર્ગદર્શન

સુરત, તા.૨

વનિતા વિશ્રામ ટ્રસ્ટ સંચાલિત વનિતા વિશ્રામ વિમેન્સ યુનિવર્સિટી, સ્કૂલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના કમ્પ્યુટર સાયન્સ વિભાગ દ્વારા તા. ૩૦ અને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ FY B.Sc.IT ના વિદ્યાર્થીનીઓ માટે બે દિવસીય હેન્ડ્સ-ઓન રોબોટિક્સ વર્કશોપ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનું તકનિકી સંચાલન Team Lab fusion-Robofun lab and RFL academic દ્વારા કરવામાં આવ્યું હતું.આ વર્કશોપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓને આધુનિક ટેકનોલોજીના યુગમાં Robotics



Operating System (ROS), Block-based Coding તથા રોબોટિક્સની વિવિધ પ્રણાલીઓ અંગે પ્રાયોગિક જ્ઞાન આપવાનો હતો. વર્કશોપ દરમિયાન વિદ્યાર્થીનીઓએ વિવિધ રોબોટિક મોડલ્સ જાતે તૈયાર કરી તેની કાર્યપ્રણાલી સમજી હતી. જેમાં સેન્સર્સ, મોટર્સ અને કંટ્રોલ સિસ્ટમ્સનો પ્રત્યક્ષ અનુભવ મેળવવો એ વિશેષ આકર્ષણ રહ્યું હતું. ઓપરેટિંગ સિસ્ટમ વિષયના ભાગરૂપે આયોજિત આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીનીઓમાં તકનિકી કુશળતા, નવીન વિચારશક્તિ અને ઉદ્યોગલક્ષી સજ્જતા કેળવાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં ૨૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લઈ રોબોટિક્સના ક્ષેત્રમાં ભવિષ્યની તકો વિશે મહત્વપૂર્ણ માર્ગદર્શન મેળવ્યું હતું.

# વેડરોડ ખાતે સુરત યાદવ આહીર સમાજ ટ્રસ્ટની મિટીંગ યોજાઈ

### સંગઠન અને જનજાગૃતિ કેળવવા વિશેષ ચર્ચા

સુરત, તા.૨

સુરત યાદવ આહિર સમાજ ટ્રસ્ટ દ્વારા કતારગામ ઝોનના બેડ રોડ બિસ્તરમાં સાવતા માલી સમાજની વાડીમાં ભગવાન શ્રી કૃષ્ણ અને રાધા રાણીના ફોટાના ચરણોમાં દીપ પ્રગટાવીને સભાની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં સમાજમાં જાગૃતિ અને સંગઠન પર વિશેષ ચર્ચા યોજાઈ હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે સહાયક પોલીસ કમિશનર એસીપી શ્રી આર.આર. સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના અગ્રણી ભાજપ



નેતા, બિહાર વિકાસ મંડળના પ્રમુખ પ્રભુનાથ પ્રસાદ યાદવ. સુરત યાદવ સમાજના પ્રમુખ રામાશંકર યાદવ, રમેશ યાદવ ભરત યાદવ રામ મૂર્તિ યાદવ. આ કાર્યક્રમના આયોજક શ્રી લાલદેવ યાદવ બલીરામ યાદવ ઓમ પ્રકાશ યાદવ રમેશ યાદવ એડવોકેટ રાજેશ યાદવ ચંદ્રકાંત યાદવ ઋષિ યાદવનું વિશેષ યોગદાન હતું. સેંકડો યાદવ સમાજના નેતાઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા અને સાથે મળીને દહીં ચુરા આલુ દમનો સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.

# અટોદરા ગામમાં મહાશિવરાત્રી પર્વની ભવ્ય ઉજવણી કરાશે

### શ્રી ભીડભંજન મહાદેવ અને સંતોષી માતાનાં મંદિરે કાર્યક્રમનું આયોજન

સુરત, તા.૨

આથી સમસ્ત ધર્મપ્રેમી જનતાને જણાવતાં આનંદ થાય છેકે દર વર્ષની પ્રણાલિકા મુજબ દર વર્ષ ઓલપાડ તાલુકા નાં અટોદરા ગામે આવેલ શ્રી ભીડભંજન મહાદેવ અને સંતોષી માતાનાં મંદિર એ મહાશિવરાત્રી પર્વની અટોદરા ગામનાં બ્રહ્મલીન પ.પૂ સદગુરુશ્રી રમણબાપુ નાં ચરણરજ રજનીબાપુ દ્વારા તથા તેમનાં સમસ્ત પરિવારજનો,તેમનાં ગામે-ગામ નાં શિષ્યો અને સમસ્ત ગામજનો અને દાતાશ્રીઓના સાથ-સહકાર થી મહાશિવરાત્રી પર્વની ધૂમ-ધામ પૂર્વક ઉજવણી કરવામાં આવે છે.પ.પૂ બ્રહ્મલીન રમણ બાપુની આ પ્રણાલી તેમનાં ચરણરજ રજનીબાપુ અને તેમનાં શિષ્યોએ જાળવી રાખી છે.દર વર્ષની જેમ ચાલુ વર્ષ સંવત ૨૦૮૨ નાં મહાવદ તેરસ ને તારીખ.૧૫.૦૨.૨૦૨૬ નાં રવિવાર નાં રોજ ઓલપાડ તાલુકા નાં અટોદરા ગામે આવેલ શ્રી ભીડભંજન મહાદેવ અને સંતોષી માતાનાં મંદિર એ મહાશિવરાત્રી પર્વની ધૂમ-ધામ પૂર્વક ઉજવણી કરવામાં આવશે સાથોસાથ વિવિધ કાર્યક્રમો જેવા કે વહેલી સવારે ૬:૩૦ વાગ્યે પ્રાત આરતી, સવારે ૧૦:૦૦ શિવજી ની શોભાયાત્રા,સાંજે ૬:૦૦ સંધ્યા આરતી,સાંજે ૭:૦૦ કલાકે મહાપ્રસાદી,રાત્રે ૯:૩૦ કલાકે લોકડાયરો જેના કલાકાર જમીયત પટેલ,યોગીની પરમાર, મનીષ આંબોલી સહિત નાં કલાકારો

અનુસંધાન પાના ૭ પર



**સુરત બાવલે ગ્રામસ્થ મંડળ દ્વારા હલ્દી કંકુ નું આયોજન કરવામાં આવ્યું જેમાં વિવિધ કાર્યકમો યોજવામાં આવ્યો મહિલાઓ એ એક બીજાને કુમકુમ તિલક કરીને શુભેચ્છાઓ પાઠવી.**

# સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ આયોજીત ૬૭મો સમૂહ લગ્નોત્સવ યોજાયો

## નો ડ્રગ્સના અભિયાન માટે મેયરે જન સમુહને પ્રતિજ્ઞા લેવડાવી

સુરત, તા.૨

સમૂહ લગ્નના માધ્યમથી સામાજીક ક્રાંતિનો શંખ ફૂકનાર શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત તરફથી આજે યોજાયેલા ૬૭માં સમૂહ લગ્ન સમારોહમાં ૭૧ યુગલો લગ્ન ગ્રંથીથી જોડાયા છે. આજે ચાર દાયકા પહેલા સમૂહ લગ્ન પ્રવુતિનો પ્રારંભ થયો હતો. ૧૯૮૩ માં પ્રથમ સમુહ લગ્ન સમારોહ યોજાયો હતો. આજે ૬૭માં સમૂહ લગ્ન સમારોહમાં મોટી સંખ્યામાં અગ્રણી મહાનુભાવો રાજસ્વી મહેમાનો સહીત ૧૫૦૦૦ જન સમુદાયની ઉપસ્થિતિમાં લગ્ન સંપન્ન થયા હતા. ૧૫૦ સેવાભાવી સંસ્થાના ૨૦૦૦ સ્વયંસેવકોએ તમામ વ્યવસ્થા સંભાળી સમારોહને ભવ્ય અને સફળ બનાવ્યો હતો.



શ્રી જયંતીભાઈ નારોલાના અધ્યક્ષ સ્થાને યોજાયેલ શિવમ્ સમૂહ લગ્નોત્સવમાં શ્રી કેશુભાઈ ગોટી, શ્રી ધીરુભાઈ નારોલા, જમનાબા ભવનના નામકરણ દાતા શ્રી હંસરાજભાઈ ગોંડલીયા, સરદારધામ સુરતના પ્રમુખશ્રી જયંતિભાઈ નારોલા, શ્રી રાકેશભાઈ દુધાત અને આગામી ૬૮માં સમૂહ લગ્ન સમારોહના યજમાન પરિવાર શ્રી દાસભાઈ ગજેરા વગેરે મોટી સંખ્યામાં મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી અને ધારા સભ્યશ્રીઓ સહીત રાજસ્વી મહાનુભાવોની વિશેષ હાજરી હતી.

સમાજમાં રાષ્ટ્રીય ચેતના જાગૃત થાય તેવા હેતુથી શુભ પ્રસંગે રાષ્ટ્રગીત ગાનની પરંપરા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતે શરુ કરી છે. સાંજે ૫ કલાકે વરપક્ષ-કન્યાપક્ષના આગમન બાદ સર્વ પ્રથમ ગંગાસ્વરૂપ બહેનોના હસ્તે દીપ પ્રાગટ્ય વિધિ કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત વિશાળ જન સમુહે પૂરા માન-સન્માન અને રાષ્ટ્રભાવ સાથે 'રાષ્ટ્રગીત' નું ગાન કર્યું હતું. ત્યાર બાદ ૭૧ લગ્ન

અનુસંધાન પાના ૭ પર

### ત્રણ દાતા અગ્રણીઓનું અભિવાદન

સૌરાષ્ટ્રમાં કમોસમી ભારે વરસાદથી ખેડૂતોને પારાવાર નુકશાન થયું હતું. ત્યારે ખોડલધામ સમિતિ કાગવડના ટ્રસ્ટી અને જુનાગઢના બાદલપુર ગામના વતની એવા શ્રી દિનેશભાઈ કુંભાણીએ તેમના ગામ બાદલપુર તથા સાખડાપાર અને પ્રભાતપુર તથા સેમરાળા એમ ૪ ગામના તમામ ખેડૂતોને હેક્ટર દીઠ રૂ.૧૧૦૦૦/- ની સહાય અર્પણ કરી છે. તે જ રીતે કૃષ્ણગઢ ગામના વતની અને અર્થશાસ્ત્રી ડો. સંજયભાઈ મુંજપરાએ તેના ગામ કૃષ્ણગઢના ખેડૂતોને આર્થિક સહાય અને ગામમાં સુવિધાઓ માટે સહયોગ આપ્યો છે. સાવરકુંડલાના જીરા ગામના ખેડૂતોને મંડળીનું બાકી દેવુ ચૂકતે કરી દેનાર શ્રી બાબુભાઈ જીરાવાળા આમ ત્રણેય મહાનુભાવોનું શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતે જાહેર અભિવાદન કરી સમાજ ગૌરવથી સન્માનિત કરાયા હતા. તે ઉપરાંત નાની ઉંમરે ધંધામાં વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરનાર માય મોલના ફાઉન્ડર શ્રી મેહુલભાઈ જે. હિરપરા અને શહેરના ગેસ્ટ્રો એન્ટ્રોલોજી મહિલા તબીબ ડો. રિંકલબેન કાકડીયાનું વિશેષ સિદ્ધી બદલ ગૌરવ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું.







# અદાણી યુનિવર્સિટી દ્વારા ‘નેશનલ ડ્રોબોટિક્સ કોન્ક્લેવ ૨૦૨૬’નું આયોજન

## રોબોટિક્સ, ડ્રોન અને સ્ટાર્ટ-અપ ઇનોવેશનને પ્રોત્સાહન

અમદાવાદ, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬: અદાણી યુનિવર્સિટી દ્વારા તેના અમદાવાદ કેમ્પસ ખાતે ૩૦-૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન રોબોટિક્સ, ડ્રોન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને ઓટોનોમસ સિસ્ટમ્સ પર ધ્યાન કેન્દ્રિત કરતા બે દિવસીય રાષ્ટ્રીય કક્ષાના ટેકનિકલ સંમેલન ‘ડ્રોબોટિક્સ કોન્કલેવ ૨૦૨૬’ (Drobotics Conclave ૨૦૨૬) નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં દેશભરમાંથી ૨૭૯ સહભાગીઓ જોડાયા હતા, જેમાં શિક્ષણવિદો, ઉદ્યોગ વ્યાવસાયિકો, સ્ટાર્ટ-અપ લીડર્સ, સંશોધકો અને વિદ્યાર્થીઓએ ભવિષ્યની ટેકનોલોજી પર મંથન કર્યું હતું.

અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસે ટાઈટલ સ્પોન્સર તરીકે આ કોન્ક્લેવને સહયોગ આપ્યો હતો. સાથે જ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈલેક્ટ્રિકલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સ એન્જિનિયર્સ (IEEE) ગુજરાત સેક્શન એન્ડ સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) નો પણ મહત્વનો સહયોગ પ્રાપ્ત થયો હતો. ઉદ્ઘાટન સત્રમાં અદાણી યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. ધવલ પૂજારાએ મહેમાનોનું સ્વાગત કરતા ઓટોમેશનના યુગમાં અદ્યતન ટેકનોલોજી માટે સજ્જ થવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત અદાણી ગ્રુપના ચીફ ટ્રાન્સફોર્મેશન ઓફિસર શ્રી સુદીપ્તા ભટ્ટાચાર્યએ સંરક્ષણ અને ઉત્પાદન ક્ષેત્રે ડ્રોન ટેકનોલોજીની વ્યૂહાત્મક ભૂમિકા અને યુવા સંશોધકો માટે રહેલી તકો વિશે વાત કરી હતી. ગેસ્ટ ઓફ ઓનર તરીકે IIT બોમ્બેના ‘I-રૂફહંફ્રિ’ પ્રોજેક્ટના સ્થાપક પ્રો. કવિ આર્યાએ પ્રાયોગિક શિક્ષણ અને ઈજનેરી ક્ષમતા નિર્માણ પર ભાર મૂક્યો હતો. કોન્ક્લેવના પ્રથમ દિવસે પ્રો. આર્યાના સંચાલન હેઠળ ‘રોબોટિક્સ અને ડ્રોન ક્ષેત્રે ઈનોવેશન અને સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ’ પર પેનલ ચર્ચા યોજાઈ હતી. જેમાં ઉદ્યોગના પડકારો અને સંશોધનને વ્યાપારી સ્તરે સફળ બનાવવા મંથન કરવામાં આવ્યું હતુ. દિવસના અંતે અદાણી ડિફેન્સ એન્ડ એરોસ્પેસના નિષ્ણાતો દ્વારા ૧૦ કિલો પેલોડ ક્ષમતા ધરાવતા ડ્રોનનું લાઈવ પ્રદર્શન અને હેન્ડ્સ-ઓન વર્કશોપ યોજાયા હતા. બીજા દિવસે ‘ફિઝિકલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ’ અને ‘ઈન્ડસ્ટ્રીયલ રોબોટિક્સ’ પર નિષ્ણાતોના વ્યાખ્યાન યોજાયા હતા. ત્યારબાદ યોજાયેલી ‘રોબો રેસ’ અને ‘મેઝ સોલ્વર’ જેવી સ્પર્ધાઓમાં ૩૭ ટીમોએ ભાગ લીધો હતો, જેમાં વિજેતા ટીમોને કુલ ?૧,૦૦,૦૦૦ ના ઈનામો આપવામાં આવ્યા હતા.

સમાપન સત્રમાં GUJCOST ના પ્રિન્સિપલ સેક્રેટરી ડૉ. નરોત્તમ સાહુએ વિદ્યાર્થીઓને દેશના વિકાસમાં ટેકનોલોજીના માધ્યમથી યોગદાન આપવા પ્રોત્સાહિત કર્યા હતા. આ કોન્ક્લેવ દ્વારા અદાણી યુનિવર્સિટીએ ઉદ્યોગ-સંલગ્ન શિક્ષણ અને મજબૂત સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ વિકસાવવા પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

# નિસર્ગક્ષેત્રપ ભવ્ય.. દિવ્ય.. અતિભવ્ય..

‘એન્ટાર્કટિકા ઈઝ એલ્ટિમેટ!’ ગયા વર્ષની ગ્રીનલેન્ડ ટુરમાં અમારા પર્યટક સતીશ કુમાર સિંહાએ ઓપિનિયન નોંધાવ્યું. તેની પર મુંબઈના કાલાથી સિવાપ્રકાસમે કહ્યું, ‘તમે જ્યારે ટ્રાવેલ કરો છો ત્યારે આવી તુલના નહીં કરો. દરેક માણસ અલગ છે તેમ દરેક પર્યટન સ્થળ. જે સમયે જ્યાં છો ત્યાંની મજા લો.’ આ અમારા બંને માનવંતા પર્યટક આ વર્ષે તેમણે જોયેલા દેશોની સદી પાર કરવાના છે. હમણાં સુધી તેમણે સાતેય ખંડ જોઈ લીધા છે અને જ્યાં જ્યાં અમે ટુર્સ લઈને જઈએ ત્યાં સર્વ ટુર્સ તેમણે કરી છે. આવા ’પર્યટન થકી સો દેશોની મુલાકાત લેનારા’ અમારા અનેક પર્યટકો માટે અમે નવા નવા દેશોની ટુર્સ અમારા ટ્રાવેલ પોર્ટફોલિયોમાં વધારીએ છીએ, કારણ કે પર્યટકોને ’સો દેશ પૂર્ણ કરો’ એવું કહેતી વખતે તે સો દેશ અમારી ટુર્સમાં હોવા જોઈએ ને.

વારુ, તે આજનો વિષય નથી, પરંતુ જનરલી પર્યટકોને પ્રથમ પેટાગોનિયા, પછી ગ્રીનલેન્ડ અને તે પછી એન્ટાર્કટિકા કરવું એવી એક સલાહ મને ઉપરોક્ત સંવાદમાંથી મળી છે. ગ્રીનલેન્ડ, પેટાગોનિયા, ફિયોર્ડ્સ અને ત્યાંના અતિભવ્ય ગ્લેશિયર્સ જોઈને મંત્રમુગ્ધ થઈ જવાય છે તે નિશ્ચિત છે. અલાસ્કાના ગ્લેશિયર્સની બાબતમાં પણ તે જ સ્થિતિ છે. જ્યારે જ્યારે ત્યાં ગયાં ત્યારે નિસર્ગનું તે અતિસુંદર, અતિભવ્ય અને પ્રિસ્ટીન, પવિત્ર રૂપ જોઈને આંખો અંજાઈ અને થાકી પણ ગઈ હતી. તે સમયે જણાયું કે આ પૃથ્વી સામે આપણે કેટલા નાના અને આપણી ચિંતા કેટલી નજીવી છે.

ટુર મેનેજર તરીકે બહુ અગાઉ હું હિમાચલ પ્રદેશ, એટલે કે, કુલુ મનાલીની ટુર્સ કરતી હતી. તે સમયથી આજ સુધી એક આદત પડી તે એ કે જ્યારે સમય મળે ત્યારે બરફાચ્છાદિત પહાડો તરફ ટીકીને જોતાં રહેવાનું. નિસર્ગની તે મહાકાય નિર્મિતી આંખોમાં સંગ્રહવાની, મનમાં ઉતારવાની અને વિચારોમાં સમાવી લેવાની. ટુર પર હોઈએ ત્યારે પર્યટકો સાથે બહુ ગપ્પાં થાય છે. આજકાલ ઘણી વાર ટુર પર જવાનો અમારો તે પણ હેતુ હોય છે. આવી જ એક ટુરમાં એક પર્યટક મળ્યા. તેમને પ્રવાસ બહુ ગમે છે. તે સમય સુધી તેમણે માનસરોવરની ત્રણ ફેરી કરી હતી. અમે હજુ એક વાર પણ જઈ શક્યાં નથી. આથી ત્રણ વાર માનસરોવર કરેલા તે પર્યટકોને સાક્ષાત દંડવત કરવાનું મન થયું અને મને ખાતરી છે કે હમણાં સુધી તેમણે પાંચ- છ વાર કૈલાસ માનસરોવરની યાત્રા કરી હશે. તેમને પૂછ્યું, “આટલું શું તમને આકર્ષિક કરે છે? ભક્તિભાવ, શંકર ભગવાન પ્રત્યે પ્રેમ, પોતાની ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ કે વધુ કશું?’ તેનો ઉત્તર મને હજુ પણ યાદ છે. ’પહેલી વાર જ્યારે હું કૈલાસ માનસરોવરમાં એક મિશન તરીકે ગયો હતો. મુશ્કેલ દુર્ગમ દેવસ્થાનોની મુલાકાત લેવી તે મારું મિશન. આથી પહેલી યાત્રા થઈ. ત્યાં જવાનું એટલે મનની અને શરીરની પૂર્ણ તૈયારી હોવી જોઈએ.

ય પણ કોઈ પણ સ્થિતિમાં રહેવું પડી શકે, ટોઈલેટ ફેસિલિટીઝનો અભાવ. ક્યારેક રસ્તા બંધ તો ક્યારેક રિસ્ટ્રિક્ટેડ મુવમેન્ટ, બધી બાબતો માટે તૈયાર રહેવાનું. જોકે એક વાર તે મુશ્કેલ પ્રવાસ પાર પડે એટલે જે અનુભૂતિ મળે છે તે માનસરોવરમાં પહોંચ્યા પછી અને કૈલાસની પ્રદક્ષિણા પૂરી કર્યા પછી, સર્વ મહેનત ચુટકી વગાડતાં ભુલાઈ જવાય છે. ’આ માટે જ તો કર્યું હતું સાહસ’ શબ્દ આપોઆપ મોઢામાંથી નીકળી આવે છે અને નિસર્ગની તે આંખો આંજી દેતી અતિભવ્યતા તરફ જોઈને આપણો અહંકાર ક્યાંયનો ક્યાંય પલાયન થઈ જાય છે. હિમાલયનું તે રૂપ આપણને પરિપૂર્ણતાનું ભાન કરાવે છે. આપણે કેટલા સૂક્ષ્મ અને નગણ્ય છીએ તે આપણને કહેતો હોય છે. અને મારો અભિમાન, ગર્વ, હઠ, ઘમંડ, જીદ બધું જ નહિવત બની જાય છે. અને આ નહિવત થવા માટે મને જમીન પર લાવવા હું પાંચ વર્ષથી એક વાર કૈલાસની યાત્રા કરું છું.’ સાચું જ છે, નિસર્ગ આપણા ’હું’પણાને એકાદ ચપરાક મારે તે રીતે તેની જગ્યા બતાવી દે છે. તેનો અનુભવ મેં એન્ટાર્કટિકામાં જતી વખતે લીધો. ’મને જીવનમાં બોટમાં ક્યારેય તકલીફ થઈ નથી તે જ રીતે હમણાં પણ નહીં થશે’ એવું એન્ટાર્કટિકાની ક્રુઝ પરના ડોક્ટરને કહ્યું અને મેં ડ્રેક પેસેજ સાથે ચેલેન્જ લીધી. તેમની સલાહ અવગણીને સી સિકનેસ ટેબ્લેટ લીધી નહીં. મારો આ અભિમાન ડેક પેસેજના આરંભમાં જ તૂટી ગયો. એટલે કે, તેનો રીતસર ધબડકો બોલાઈ ગયો. હું એકદમ નાસીપાસ થઈ ગઈ. જાણે તે ડ્રેક પેસેજ મને કહેતો હતો, ’મારી સાથે- નિસર્ગ સાથે પંગો લેવાનો નહીં, મારી સામે રુઆબ કરવાનો નહીં, સમજ્યાં?’ તે પછી આજ સુધી કોઈ પણ ક્રુઝ પર, બોટ પર જાઉં ત્યારે

ત્યાંના ડોક્ટરોને ધ્યાનથી સાંભળું છું, કારણ કે તે ડ્રેક પેસેજ મારી પાસે આંખો મોટી કરીને જોતો હોય છે ને!

નિસર્ગને ચેલેન્જ આપતી વખતે આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે પૃથ્વી પર ત્રણચતુર્થાંશ પાણી અને એક ચતુર્થાંશ જમીન છે. આથી આપણી પહોંચ ઝાંપા સુધી જ. એકલા એન્ટાર્કટિકાનો બરફ પીગળે તો પણ આપણા પૃથ્વી પરના પાણીનો સ્તર અઠ્ઠાવન મીટર્સ સુધી વધી શકે છે. આ એકદમ હાલમાં જ બનવાનું નથી, પરંતુ આપણે નિસર્ગ પર આઘાત ચાલુ જ રાખ્યો તો તે પ્રકોપ સેંકડો વર્ષ પછી સર્જાઈ શકે છે એવું વૈજ્ઞાનિકોએ અગાઉથી કહી રાખ્યું છે અને તેથી જ નિસર્ગ પ્રત્યે નમ્ર થવાની જરૂર છે. ભગવાનને આપણે જોયા નથી પરંતુ નિસર્ગ કરતાં ભગવાન અલગ હશે એવું લાગતું નથી. ભગવાનની જેમ જ સ્થિતપ્રજ્ઞની જેમ તે બિલકુલ અવાજ નહીં કરતાં આપણને નિહાળતો હોય છે. સમય આવે ત્યારે તે ચપરાક મારે છે, ક્યારેક પ્રકોપ બતાવે છે, ક્યારેક ફટકારે છે, પરંતુ માર્ગ બતાવે છે. આગળ ચાલતા રહો, હું છું તમારી પડખે એવું કહેતો હોય છે.

હમણાં સુધી મેં અનેક ઠેકાણે ગ્લેશિયર્સ જોયાં છે. એન્ડીઝ પર્વતોમાં પેટાગોનિયા રીજનમાંનું પેરિતો મોરેનો, આઈસલેન્ડમાંનું વાતનાયોકુત્લ, ન્યૂ ઝીલેન્ડમાંનું ફોક્સ ગ્લેશિયર, અલાસ્કામાં હબ્બર્ડ ગ્લેશિયર, એન્ટાર્કટિકામાં અનેક ગ્લેશિયર્સમાંથી એક પેયટો ગ્લેશિયર, કેનેડા અલબર્ટામાંનું આથાબસ્કા અથવા પેયટો ગ્લેશિયર તેમ જ કેનેડા બ્રિટિશ કોલંબિયામાંનું ઈલેસિલવટ ગ્લેશિયર, ચાયના હલુઓગૉવ અથવા મિંગયોંગ (આ બંને મારે હજુ પણ જોવાના બાકી છે) અને ખુદ આપણા ભારતના ઉત્તરાખંડમાંનું ગંગોત્રી ગ્લેશિયર, લાહૌલ સ્પિતી હિમાચલ પ્રદેશમાં બારા શિગ્રી ગ્લેશિયરમાંથી દરેક ગ્લેશિયરની પહેલી મુલાકાત અથવા પહેલાં દર્શન સુંદર, અપ્રતિમ લાગે છે, થોડું શાંત થઈને તેની તરફ જોતા રહીએ તો તેની ભવ્યતા જણાય છે અને વધુ થોડો સમય જોતા રહીએ તો તેની અતિભવ્યતા આગળ નતમસ્તક થઈ જઈએ. મન શાંત થાય છે. ક્યારેક ક્યારેક મનમાંના વિચારોની ગિરદી ઓછી થવા લાગે છે અને ક્યાંક હવે પોતાનો અવાજ સંભળાય છે. એકાંત અને એકાગ્રતા આ બંનેનો અનુભવ આપણે લઈએ છીએ. નિસર્ગના સાંનિધ્યમાં મને ધીમે ધીમે આ બાબતો જ્ઞાત થતી ગઈ અને પછી મેં નિસર્ગના આવા ચમત્કારની સામે સમય કાઢીને પગની ઘડી કરીને આંખો આખી ખુલ્લી રાખીને બેસવા લાગી, પ્રાર્થના કરવા લાગી, પોતાને જાણી લેવા લાગી અને તેનું હકારાત્મક પરિણામ મને દેખાવા લાગ્યું. મારા વિચારોમાં, આચારોમાં અને દ્રષ્ટિકોણમાં મને ફરક જણાવા લાગ્યો. મારું વિશ્વ વ્યાપક બન્યું, કારણ કે આ ઠેકાણાં ફક્ત પર્યટન સ્થળો નથી, પરંતુ તે જાણે આત્મશાંતિની પ્રયોગશાળા છે.

# ‘જેંટલ રિમાઈન્ડર

’એચઆરનો એક મેઈલ જોયો, ’જેંટલ રિમાઈન્ડર’ આ પછી ’જેંટલ રિમાઈડર’ એવો કમાંડ આપીને કેટલા મેઈલ્સ છે તે મેં જોયું. ઘણા બધા ઈમેઈલ્સ હતા. કોઈક તો કોઈકને કાંઈક રિમાઈન્ડ કરતા હતા. તેમાં પણ પ્રકાર હતા. ફર્સ્ટ ઈમેઈલ ટાસ્ક ડેલિગેશનનો હતો. કોઈકે કોઈકને કામ આપ્યાનો, થોડા દિવસે તેની પર ’જેંટલ રિમાઈન્ડર’ તરીકે એક મેઈલ એડ થયો હતો. તે પછી ત્રીજો ’કાઈન્ડ રિમાઈન્ડર’નો હતો. અને તે છતાં કામ થયું નહીં તો ચોથો ’અર્જન્ટ રિમાઈન્ડર’નો હતો અને છેલ્લો ’ફાઈનલ રિમાઈન્ડર’નો હતો. એટલે કે, અમુક ઠેકાણે કામ આપવું તે ’ફાઈનલ રિમાન્ડર’ મોકલવું એવી પાંચ પગલાંની પદ્ધતિ હતી અને છતાં ’કામ થયું કે નહીં?’ આ પ્રશ્ન મારા માટે અનુત્તરીત જ હતો. અને આ મેઈલ્સમાં રિમાઈન્ડરના અમુક મેઈલ્સ મને પણ આવ્યા હતા, એટલે કે ડિફોલ્ટર્સની યાદીમાં હું પણ હતી. આ રીતે કામ આપવું અને આપનારે જ તે કામનું ટ્રેકિંગ રાખવું અને કેટલીય વાર ફોલોઅપ કરવું એટલે થોડી અતિશયોક્તિ જ કહી શકાય. હવે આ જ જુઓ ને, પ્લીઝ, જેંટલ, કાઈન્ડ, અર્જન્ટ અને ફાઈનલ આ પ્રવાસ એટલે કામ મોકલ્યાના સૌજન્યની ઐસી કી તૈસી હતી. અને આવા રિમાઈન્ડર્સની સંખ્યા વધે છે ત્યારે સમજવાનું કે આપણી કાર્યપદ્ધતિમાં ક્યાંક કશુંક ચૂકી જવાઈ રહ્યું છે.

પહેલી વાર એચઆર સાથે આ બાબતે ચર્ચા કરી. ટીમ્સ તો બધી વ્યવસ્થિત હતી, તો પછી અમુક ઠેકાણે આટલા રિમાઈન્ડર્સની જરૂર શા માટે પડે છે તે ચેક કરો અને ’ટાસ્ક ડેલિગેશન- જેંટલ રિમાઈન્ડર (ઈફ નીડેડ)- ટાસ્ક કમ્પ્લીટ’ આ કાર્યપદ્ધતિ તરફ જઈએ. નો મોર રિમાઈન્ડર્સ! કારણ કે આપણે એકાદ કામ વ્યવસ્થિત આપ્યું તો સામેવાળા પાસે 5W1H એ જગપ્રસિદ્ધ થિયરી અથવા આપણે એક્સટેન્ડ કરીએ તો 6W2H થિયરી વાપરીને તેમાં શું કરવાનું? શા માટે કરવાનું? ક્યારે કરવાનું? કોના માટે કરવાનું? કોણે કરવાનું? અને કઈ રીતે કરવાનું? આ બધું સ્પષ્ટ કરેલું હોય છે. કામ લેનારે પણ તે બધું સ્વીકારીને જ મંજૂરી આપેલી હોય છે કામ સમયસર થાય તે માટે, તો પછી રિમાઈન્ડર્સની જરૂર જ શું છે? બધા સમજદાર છે, અનુભવી છે, સમયનું મહત્ત્વ જાણનારા છે તો પછી રિમાઈન્ડર્સ આ પ્રકાર મૂળમાંથી ઉખાડી નાખીએ? તેની પર એચઆર કહે છે, ’આજકાલ લોકોને રિમાઈન્ડર્સની જરૂર પડે છે, કારણ કે લોકોને રિમાઈન્ડર્સની આદત પડી છે.’ હાપ તમે બોલો છો તેમાં તથ્ય જરૂર છે. જોકે તે છતાં આપણે આપણા અથવા ટીમના પર્સનલ રિમાઈન્ડર્સની જંજાળમાંથી અમુક કાર્યાલયીન રિમાઈન્ડર્સ તો ઓછા કરી શકીએ. અર્થાત આ આટલું સહજતાથી થશે નહીં તેનું ભાન છે. તે માટે આપણને ખાસ્સું ફાઉન્ડેશન કરવું પડશે. હવે ઓર્ગેનાઈઝેશનમાં કોઈ પણ કોઈને પણ રિમાઈન્ડર મોકલશે નહીં. આથી આપેલું કામ, આપેલા સમયમાં, અપેક્ષિત પદ્ધતિથી કરવું જોઈએ એ બધાના ગળે ઉતારવું પડશે અને જબરદસ્તીથી નહીં પણ પ્રેમથી, બંને પાર્ટીઝની સંમતિથી રિમાઈન્ડર્સ સિવાય કામો થવાં જોઈએ. મુશ્કેલ છે પણ અશક્ય નથી તેની અમને બધાને ખાતરી હતી. તો પછી શું? નક્કી કર્યું, ચાલો ઈમ્પ્લીમેન્ટ કરીએ. નિર્ણય લીધો અને ધીમે ધીમે પ્રગતિ ચાલુ છે. આદત બદલવા વાર લાગે છે અને આ આદત ઊંડાણમાં ખૂંપી હોય તો થોડી વધુ વાર લાગે છે. જોકે લોંગ લાસ્ટિંગ બાબતો કરવી હોય તો સમય આપવો જ જોઈએ, સંયમ રાખવો જ જોઈએ તે માટે. જોકે એક ખાતરી છે કે કમસેકમ ઓર્ગેનાઈઝેશન લેવલ પરના રિમાઈન્ડર્સ અને તેમના નોટિફિકેશન, બીપ, બ્લિંકની જંજાળમાંથી અમે થોડા બહાર આવીશું.

અલગ અલગ બાબતો કરવા માટે જુદા જુદા એપ્સ નિર્માણ થયા. નવીનતા અને એપ બનાવનારનું સન્માન તરીકે બધા એપ્સ ડાઉનલોડ કરી નાખ્યા. ખરેખર આ સ્ટાર્ટઅપવાળાઓએ આપણા દરેક પ્રોબ્લેમનો ઉકેલ લાવવાનું બીડું ઉપાડી લીધું છે. અમારું ડિજિટલ જીવન તેથી જ અમે તેમની પર છોડી

દીધું છે. આવા જીવનની બિલકુલ આદત નહોતી. સવારથી સાંજ એકદમ નિશ્ચિત કરેલો સમય, એક પછી એક કામો કોઈ પણ ગડબડ વિના અથવા મેંટલ ડિસ્ટ્રેકશન વિના થતા. જોકે હવે તેવું નથી. સવારે ઊઠતાં જ ટિંગ એવો અવાજ આવે છે, જે કહે છે, ’પાણી પીઓ.’ થોડા સમય પછી બીજો અવાજ આવે છે, ’ચાલવા નીકળી પડો.’ આ પછી હજુ એક ટિંગ, ’સ્ટ્રેચ કરો, દીર્ઘ શ્વસન કરો.’ આ પછીનું બીપ કહે છે, ’આજની ટાસ્ક લિસ્ટ જુઓ.’ સવારની સુંદર શરૂઆત થયેલી હોય છે અને કોઈ પણ મને કંટ્રોલ કરવા લાગ્યું હોય છે. એકદમ હાથ ધોઈને પાછળ પડેલું હોય છે. ઓફિસમાં ગયા પછી પણ. ’હવે ઊભા રહો,’ ’હવે દીર્ઘ શ્વસન કરો,’ ’થોડો વાર સ્ક્રીનથી દૂર થઈ જાઓ,’ ’નાનું વોક કરી આવોપ’ સતત, એકધાર્યું કાંઈક બીપ થાય છે, બ્લિંક થાય છે. તેનો અવાજ મને વધુ મૂંઝવણમાં મૂકે છે. ગયા અઠવાડિયામાં અમારી ગર્લ ગેંગ ડિનર પર ગઈ હતી. થોડું મોડું જ થયું હતું. એકના ફોન પર નોટિફિકેશન આવ્યું, ’મેડિટેટ નાઉ’ જે તેણે વાંચી બતાવ્યું અને તેને લખ્યું, ’નૉટ નાઉ’ અને મોટો હાશકારો છોડ્યાનું જણાયું. એટલે કે, આ રિમાઈન્ડર હવે ગિલ્ટ નિર્માણ કરવા લાગ્યું હતું. નક્કી થયા પ્રમાણે આ રિમાઈન્ડર મુજબ સમયસર કામો થયાં નહીં તો આપણને કાંઈક ચૂકી ગયા હોઈએ તેવું લાગે છે અથવા આપણે પોતાને અપરાધી ઠરાવવા લાગીએ છીએ.

# મેન્ટલ મિનિમલિઝમ: મગજને આરામ આપવાની કળા



**આજના સમયમાં આપણું મગજ એકસાથે કેટલીયે દિશામાં ચાલે છે, પરિણામે દિવસ પૂરો થતાં પહેલા મન શરીરથી પહેલાં જ થાકી જાય છે. મોબાઇલ નોટિફિકેશન, મેસેજિસ, ફોન કોલ્સ, બકેટ લિસ્ટ અને લોકોની અપેક્ષાઓપ બધું જ એકસાથે ચાલે છે. અને આપણે કહીએ છીએ કે આપણે થાકી ગયાં. જેમ શરીરને તંદુરસ્ત રાખવા માટે સ્વચ્છતા જરૂરી છે, તેમ માનસિક સ્વચ્છતા કે ‘મેન્ટલ હાઇજિન’ માનસિક શાંતિ માટે જરૂરી છે. જેને કહેવાય છે મેન્ટલ મિનિમલિઝમ—જેને ડિટોક્સ કહો કે ડીક્લટર, પણ સરળ ભાષામાં મનમાંથી કચરો કાઢવાની કળા; જે બિનજરૂરી છે તેને દૂર રાખવાની રીત.**

એક યંગ મિલેનિયર બિઝનેસમેન સાથે થોડો સમય પસાર કરવાનું થયું ત્યારે તેમણે પોતાની શોપિંગ અને ફેશન ટિપ્સ શેર કરી. એમણે જણાવ્યું કે, “હું કદી શોપિંગ માટે જતો નથી, મને જે પસંદ પડે છે, તે હું એક જ સાઈઝના બધા જ પીસ ખરીદી લઉં છું.” એનાથી બે ફાયદા થાય છે—એક, શોપિંગ માટે સમય વેડફાતો નથી. બીજું, રોજ સવારે ઊઠીને કોઈ જ સમસ્યા રહેતી નથી કે “આજે શું પહેરવું?”

હવે પોઈન્ટ પર આવીએ. આ એક અતિ સફળ બિઝનેસમેન છે, જે હંમેશા વેલ ડ્રેસ્ડ હોય છે, પરંતુ તેની સાથે એક એવો વ્યક્તિ પણ છે જે પૈસાના રોકાણ પાછળનું ગણિત જ નહીં, વિચારોના રોકાણ વિશે પણ વિચારે છે. જેને ખબર છે કે માનસિક એનર્જીનો વ્યવસ્થિત ક્યારે અને ક્યાં ઉપયોગ કરવો.

આજના સમયમાં આપણું મગજ એકસાથે કેટલીયે દિશામાં ચાલે છે, પરિણામે દિવસ પૂરો થતાં પહેલા મન શરીરથી પહેલાં જ થાકી જાય છે. મોબાઈલ નોટિફિકેશન, મેસેજિસ, ફોન કોલ્સ, બકેટ લિસ્ટ અને લોકોની અપેક્ષાઓપ બધું જ એકસાથે ચાલે છે. અને આપણે કહીએ છીએ કે આપણે થાકી ગયાં. જેમ શરીરને તંદુરસ્ત રાખવા માટે સ્વચ્છતા જરૂરી છે, તેમ માનસિક સ્વચ્છતા કે ‘મેન્ટલ હાઈજિન’ માનસિક શાંતિ માટે જરૂરી છે. જેને કહેવાય છે મેન્ટલ મિનિમલિઝમ—જેને ડિટોક્સ કહો કે ડીક્લટર, પણ સરળ ભાષામાં મનમાંથી કચરો કાઢવાની કળા; જે બિનજરૂરી છે તેને દૂર રાખવાની રીત.

આપણું મગજ એક જટિલ મિકેનિઝમ છે, જેને સરળ રીતે સમજવું અઘરું છે. છતાં સહેલાઈથી સમજીએ તો, આપણા મગજમાં આવેલા પ્રિફ્રોન્ટલ કોર્ટેક્સ પર આપણા વિચારો અને નિર્ણયોની અસર થાય છે, જે વધારે જટિલ વાતાવરણમાં બરોબર કામ કરતું નથી. પરંતુ જ્યારે મન શાંત હોય, વિચારો ઓછા હોય એટલે કે મિનિમલ વાતાવરણમાં, માનસિક અવ્યવસ્થા (દૈજેક્ઙ્ગ ીહૈંઅિ) ઓછી હોય છે, તેથી મગજને ઓછું પ્રોસેસ કરવું પડે છે. પરિણામે તેની કાર્યક્ષમતા વધી જાય છે.

અવ્યવસ્થા અને અતિઉત્તેજના મન પર હળવો પરંતુ સતત તણાવ ઉત્પન્ન કરે છે, જે એમિગ્ડાલા—એટલે કે ડર અને તણાવના કેન્દ્રને—સક્રિય કરે છે. મિનિમલિઝમ આ પ્રવૃત્તિ ઘટાડે છે અને મનને વધુ શાંત બનાવે છે. માનવ મગજ એક સમયે લગભગ ચાર જ માહિતીના ભાગો યાદ રાખી શકે છે. મેન્ટલ મિનિમલિઝમ “માનસિક ઈછર” ખાલી કરે છે અને બિનજરૂરી માહિતીના અવરોધ ઘટાડે છે. અને સૌથી મહત્વનું છે ડિફોલ્ટ મોડ નેટવર્ક, જે ફ્રી સમયમાં મનને સર્જનાત્મક દિશામાં લઈ જાય છે. આજ કારણથી મન વિચારોના બોજ વગર સર્જનાત્મક કાર્યો વધારે સારી રીતે કરી શકે છે.

મેન્ટલ મિનિમલિઝમ લાગુ કરવાની રીત

પહેલી સમજવા જેવી વાત એ છે કે જેમ આપણા બધા જ અંગો તેમનું કામ કરે છે, એવી જ રીતે આપણું મન પણ સતત વિચાર કરતું રહે છે, પરંતુ દરેક વિચાર જરૂરી હોતો નથી. જેમ કે હાથ અસંખ્ય વાર તેમનું કામ કરે છે છતાં આપણે તેની દરેક હાલચાલ પર ધ્યાન આપતા નથી, એમ જ મનમાં આવતા દરેક વિચાર મહત્વનો હોતો નથી. જો તમે દરેક નાની વાત પર ફિલોસોફી અને જવાબો શોધશો તો તમે મહત્વનું કામ ચૂકી જશો, કારણ કે આપણી આસપાસ બનતી દરેક ઘટના કે વાતચીત આપણા માટે હોતી નથી.

એના માટે— બિનજરૂરી માહિતી, એપ્સ, સંબંધો અને વિચારોમાંથી મુક્ત થવું, નહિતર બર્નઆઉટ થાય. બિનજરૂરી અવાજોથી દૂર રહેવું. એકાગ્ર રહેવાની પ્રેક્ટિસ માટે યોગ-મેડિટેશન કરવું, જેથી બિનજરૂરી વિચારોથી મુક્તિ મેળવી શકાય. મેન્ટલ મિનિમલિઝમ આપણને શીખવે છે કે મન તમારું સાધન છે, માલિક નથી. તમે જે વિચારોને જગ્યા આપો છો એ જ તમારું જીવન ઘડે છે. મેન્ટલ મિનિમલિઝમ કોઈ કઠિન સાધના નથી, પણ એ એક પસંદગી છે—ઓછું વિચારવું, વધારે જીવવું. જ્યારે મન હળવું બને છે, ત્યારે જીવન પોતે જ સરળ અને સુંદર બની જાય છે.

તંત્રી લેખ...

**સોમવાર, તા. ૨ ફેબ્રુઆરી ૨૦૨૬**

# 'નવા ભારત'નું શક્તિપ્રદર્શન

૭૭મા ગણતંત્ર દિવસની ઉજવણીએ દેશભરમાં રાષ્ટ્રભક્તિનો જુવાળ જોવા મળ્યો. આજનું ભારત આત્મવિશ્વસ્થ છે, સ્વાભિમાની છે, કોઈથી ડરતું નથી અને પડકારોને ભરી પીવામાં માને છે. પ્રજાસત્તાક દિવસની ઉજવણીના બે વિશેષ મહેમાન હતા, યુરોપીય પરિષદના અધ્યક્ષ એન્ટોનિયો કોસ્ટા અને યુરોપીય સંઘના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયન. આ બંનેની ઉપસ્થિતિનું મહત્ત્વ ૨૭મીએ સમજાઇ ગયું, જ્યારે ભારત અને યુરોપીય સંઘ વચ્ચે વિધિવત મુક્ત વેપાર સંધિ થઇ.

પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગૌરવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય ચેતના સાથે કરવામાં આવી. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના કર્તવ્યપથ પર આયોજિત ગણતંત્ર દિવસની પરેડ માત્ર ઔપચારિક સૈન્ય આયોજન જ નહીં, બલ્કે ભારતના વિકાસલક્ષી વિઝન, સામર્થ્ય, વૈવિધ્યસભર સાંસ્કૃતિક ઐક્ય, નારીશક્તિનું મહિમાગાન બની રહ્યું. આપણા સશસ્ત્ર દળોની વેધકતા અને ઘાતક શત્ર પ્રણાલી જોઈને શત્રુઓનાં હૈયાં બેસી જાય એ સ્વાભાવિક છે. ભારતની મિસાઈલ પ્રણાલી એસ-૪૦૦ની ઘાતકતા અને સચોટ પ્રહાર ક્ષમતાનો પરચો ઓપરેશન સિંદૂર દરમ્યાન પાકિસ્તાન સહન કરી ચૂક્યું છે. આ વખતની પરેડમાં કેટલીક નવી બાબતો જોવા મળી. મહિલા નેતૃત્વએ ઈતિહાસ રચ્યો, પ્રથમ જ વખત સીઆરપીએફની પુરુષ ટુકડીનું નેતૃત્વ મહિલા કમાન્ડન્ટ દ્વારા કરવામાં આવ્યું. આ કોઇ પ્રતિકાત્મક ચેષ્ટા નહોતી બલ્કે દુનિયાને સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે, ભારતની સુરક્ષા વ્યવસ્થામાં મહિલાઓ હવે નિર્ણાયક અને નેતૃત્વકારી ભૂમિકામાં આગળ વધી રહી છે. સૈન્ય અને અર્ધલશ્કરી દળોમાં મહિલાઓ મોટાં પ્રમાણમાં ભરતી થઇ રહી છે. ઉચ્ચ પદો પણ સંભાળે છે. ભારત એક એવું પ્રગતિશીલ રાષ્ટ્ર છે પુરુષ-ત્રી સમાનતામાં માને છે. વળી આ બાબત આપણા એક સમયના રૂઢિચુસ્ત માહોલ અને માનસિકતામાં આવેલાં પરિવર્તનનુંય પ્રમાણ છે.

'ઓપરેશન સિંદૂર'નું લાઈવ પ્રદર્શન ઉપરાંત આકાશ અને બ્રહ્મોસ મિસાઈલ સિસ્ટમ, સૂર્યાસ્ત્ર રોકેટ લોન્ચર, અર્જુન યુદ્ધ ટેન્ક તેમજ સ્વદેશી સૈન્ય પ્લેટફોર્મની શ્રેણીએ આત્મનિર્ભર ભારતનો સંકલ્પ વધુ દૃઢ કર્યો છે. રાફેલ, સુખોઇ, મિગ-૨૯ અને જગુઆર સહિત યુદ્ધવિમાનોએ સિંદૂર, વજાંગ, અર્જુન અને પ્રહાર જેવી સંરચના દ્વારા આકાશમાં ભારતની સંરક્ષણ ક્ષમતાનું ભવ્ય પ્રદર્શન કર્યું, એ જોનારા હજારો નાગરિકો મંત્રમુગ્ધ બની ગયા હતા. ગણતંત્ર દિવસ પરેડમાં ભારતના જુદા-જુદા રાજ્યોના ટેબ્લોનું આકર્ષણ હોય છે. ગુજરાતના ટેબ્લો સાથે કચ્છના કલાકારોએ સતત બીજાં વર્ષે પ્રતિનિધિત્વ કર્યું. એકંદરે દરેક ઝાંખીનો સમાન સંદેશ છે, ભારતની બહુવિધતા અને એક ભારત, શ્રેષ્ઠ ભારતની ભાવના.

**પ્રજાસત્તાક દિવસની ઉજવણી ગૌરવ, આત્મવિશ્વાસ અને રાષ્ટ્રીય ચેતના સાથે કરવામાં આવી.**

## મિત્રતા એટલે વાત વિનાની વાતો અને નાત વગરનો નાતો

દુનિયામાં દોસ્તીનો સંબધ ના હોત, તો ખબર જ ના પડત કે, પારકા પણ પોતાનાથી વધારે પ્રેમ કરી શકે છે.મિત્રતા એટલે અવ્યક્ત લાગણીનો રોજ ઉજવાતો મહોત્સવ.દોસ્તીનો સંબંધ બધા સંબંધોથી ઉપર છે. કોઈ સ્વાર્થ નહી, કોઈ અભિમાન નહીં, સારું લગાડવાનો કોઈ ભાર નહીં અને ખરાબ લાગી જવાનો કોઈ ભય નહી, આવું માત્ર ને માત્ર દોસ્તીમાં જ સંભવ છે. બાકીના તમામ સંબંધમાં કંઈક ને કંઈક તકલીફો પડે છે. છોકરો હોય કે છોકરી, દરેકની લાઇફમાં દોસ્તીનું એક આગવું મહત્વ હોય છે. જિંદગીની કેટલીક વાતો અને કેટલીક ઘટનાઓ એવી હોય છે જે માત્ર ને માત્ર મિત્રને જ ખબર હોય છે. આપણા દરેક કારનામામાં મિત્ર ભાગીદાર હોય છે. આપણી મોટાભાગની સુટેવો કે કુટેવોનો આરંભ મિત્રો સાથે જ થયો હોય છે. મિત્રો પાછળ 'મરવું' નહીં, મિત્રો માટે 'જીવવું'. મિત્રો સાચા કે ખોટા, સારા કે ખરાબ, પ્રિય કે અપ્રિય હોતા જ નથી; મિત્ર મિત્ર જ હોય છે. તે બીજું કશું હોઈ જ ન શકે.આજે પણ ભગવાન કૃષ્ણ અને સુદામાની પવિત્ર મિત્રતાને યાદ કરાય છે. મિત્રતાનો સંબંધ એ દુનિયાના બધા જ સંબંધોમાં મહત્વની કડી છે.મિત્ર, દોસ્ત આ એક એવો સંબંધ છે માણસ પોતે બનાવે છે, બાકીના બધા સંબંધતો જન્મથી જ બની જાય છે જેમ કે માતા-પિતા ભાઈ-બેન કાકા-કાકી બધા, પણ મિત્રતા એક સંબંધ છે જે સગો ન હોવા પણ બધા સંબંધોથી અલગ છે. જે કોઈ પણ ઉંમરના માણસની સાથે કે કોઈ પણ વ્યકિતથી થઈ શકે છે. મિત્રતા માત્ર મજાકમસ્તી કરવા પૂરતી સીમિત નથી, પરંતુ એ એક ઈમોશનલ બૉન્ડ પણ બાંધે છે જે ફિઝિકલ અને મેન્ટલ હેલ્થને મજબૂત બનાવે છે.જીવનની દરેક પળે સાથ આપનાર મિત્રને આભાર વ્યક્ત કરવા માટે 'ફ્રેન્ડશિપ ડે' મનાવવામાં આવે છે. પણ શુ તમે જાણો છો કે આ 'ફ્રેન્ડશિપ ડે'ની શરૂઆત ક્યારે થઇ અને ક્યારથી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.ભારતમાં ઓગસ્ટ મહિનાના પ્રથમ રવિવારને 'ફ્રેન્ડશિપ ડે' માનવામાં આવે છે. 'ફ્રેન્ડશિપ ડે' મનાવવાની શરૂઆત પશ્ચિમી દેશોથી થઇ હતી. પણ છેલ્લા કેટલાક વર્ષોથી 'ફ્રેન્ડશિપ ડે' ભારતમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. 'ફ્રેન્ડશીપ ડે'ની શરૂઆત ૧૯૩૫માં અમેરિકાથી થઈ હતી. કહેવામાં આવે છે કે ઓગસ્ટ પહેલા રવિવારના રોજ યુ.એસ. સરકારે એક નિર્દોષ વ્યક્તિને મારી નાખ્યો હતો અને તેના દુઃખમાં તેના મિત્રોએ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ દક્ષિણ અમેરિકાના લોકોએ આંતરરાષ્ટ્રીય 'ફ્રેન્ડશીપ ડે' (ૈહીહિટ્રર્વૈહટ્વડ?મ હ્વીહઢ્ઢજરૈ ઢટ્વઅ) મનાવવાની રજૂઆત યુ.એસ. સરકારને કરી હતી. આ દુર્ઘટના બાદ લોકોના આ પ્રસ્તાવને

પહેલા તો સરકારે ના પાડી હતી પરંતુ લોકોના ગુસ્સાને શાંત કરવા માટે યુ.એસ. સરકારે લગભગ ૨૧ વર્ષ પછી ૧૯૫૮માં આ પ્રસ્તાવને મંજૂર કર્યો. ત્યારબાદ ઓગસ્ટના પહેલા રવિવારે 'ફ્રેન્ડશીપ ડે'ની ઉજવણી શરૂ થઇ.

હાર્વર્ડ યુનિવર્સિટીએ ૧૯૩૮ માં રિસર્ચ કરવાનું ચાલુ કર્યું તેના ૮૫-વર્ષના અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જીવનમાં સૌથી મહત્વની વસ્તુ જે તમને સુખ આપે છે તે તમારા મિત્રો સાથેના હકારાત્મક સંબંધો તેમનું એક મુખ્ય પરિબળ છે. જેનાથી તમે લાંબુ તંદુરસ્તીમય જીવન જીવી શકો છો.સારા મિત્રો તમારા સ્વાસ્થ્ય માટે સારા છે.મિત્રો તમને સારા સમયની ઉજવણી કરવામાં મદદ કરી શકે છે અને ખરાબ સમયમાં મદદ કરી શકે છે. મિત્રો એકલતાને અટકાવે છે અને તમને જરૂરી સાહચર્ય ઓફર કરવાની તક પણ આપે છે.

**કસ્ટમ્સ અને એક્સાઈઝ અંગેના નિર્ણયો પણ વૈશ્વિક સ્થિતિના આધારે લેવાય છે.**

# બજેટ રજૂ કરવાનો હવે અર્થ છે ખરો?

## અત્યારે બજેટમાં મુખ્ય બાબત ડાયરેક્ટ ટેક્સ એટલે કે સીધા કરવેરા છે

નાણાં મંત્રી નિર્મલા સીતારમણનું બજેટ રજૂ થઈ ગયું અને એક ઔપચારિકતા પૂરી થઈ ગઈ. બજેટ રજૂ થાય પછી શાસક પક્ષ તેને વખાણતો હોય છે ને વિપક્ષો તેને વખોડતો હોય છે. મીડિયા પણ બજેટમાંથી નવી નવી વાતો શોધીને રજૂ કરવાની મથામણ કરતું હોય છે ને સામાન્ય માણસ મૂંઝાયેલો મૂંઝાયેલો આખો ખેલ જોયા કરે છે કેમ કે શાસક પક્ષ, વિપક્ષો અને મીડિયા ત્રણેય પોતપોતાનાં હિતોને આધારે મૂલ્યાંકન કરીને અભિપ્રાયોની ફેંકાફેંક કરે છે.અત્યારે વખાણવા-વખોડવાની પ્રક્રિયા, મીડિયાની મથામણ ને ફેંકાફેંક ચાલુ છે પણ બજેટમાં કશું છે જ નહીં તેથી આ મથામણ પાણી વલોવીને માખણ કાઢવાની છે. તેમાં નિર્મલાનો પણ વાંક નથી કેમ કે હવે બજેટમાં કશું કરવા જેવું રહ્યું જ નથી. નિર્મલા ગયા વરસે બજેટમાં મધ્યમ વર્ગ પર મન મૂકીને વરસેલાં જ તેથી આ વરસે કોઈ આશા જ નહોતી.

અત્યારે બજેટમાં મુખ્ય બાબત ડાયરેક્ટ ટેક્સ એટલે કે સીધા કરવેરા છે ને તેમાં પણ સૌથી મહત્ત્વના આવકવેરાના દરો છે. આ દેશમાં બહુમતી વર્ગ મધ્યમ વર્ગ છે અને મધ્યમ વર્ગને પોતાની કમાણીમાંથી સરકાર ઈન્કમ ટેક્સ પેટે શું લઈ જશે તેની ચિંતા હોય જ તેથી બજેટમાં તેને સૌથી વધારે રસ ઈન્કમટેક્સના સ્લેબમાં હોય છે. નિર્મલાએ ગયા વરસે નોકરીયાત મધ્યમ વર્ગની ૧૨ લાખ રૂપિયા સુધીની આવકને આવકવેરામાંથી મુક્તિ આપી દીધી પછી પાંચ વર્ષ લગી મધ્યમ વર્ગ કશું માગે જ નહીં એવું કરી નાંખ્યું છે.નિર્મલા સીતારમણને ત્રણ વર્ષ પહેલાં ન્યુ ઈન્કમટેક્સ રીજિમ જાહેર કર્યા તેમાં ૭.૨૦ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહોતો લાગતો. ગયા વરસે એ મર્યાદા વધારીને સીધી ૧૨ લાખ રૂપિયા કરી દેવાઈ. લટકામાં સ્ટાન્ડર્ડ ડીડક્શનની ૭૫ હજારની છૂટ પણ ચાલુ રખાઈ.સ્ટાન્ડર્ડ ડીડક્શનના ૭૫ હજાર રૂપિયા ઉમેરતાં હવે ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગતો નથી. સાદું ગણિત સમજીએ તો મહિનાની એક લાખ છ હજાર રૂપિયા સુધીની આવક હોય તો એક પૈસો પણ ઈન્કમટેક્સ પેટે નહી ચૂકવવો પડતો નથી. ભારતમાં મોટા ભાગનો મધ્યમ વર્ગ એક લાખથી ઓછો પગાર મેળવીને આ ટેક્સ બ્રેકેટમાં આવી જાય છે તેથી બહુમતી નોકરીયાત મધ્યમ વર્ગ પરનો ઈન્કમટેક્સ મોદી સરકારે નાબૂદ જ કરી દીધો છે એમ કહેવાય.હવે વરસ પહેલાં જ આટલી મોટી રાહત આપી હોય પછી નિર્મલા આ વરસે ઈન્કમટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર કરે કે બીજી કોઈ મોટી જાહેરાત કરે એવી આશા કઈ રીતે રાખી શકો? ના જ રાખી શકો તેથી મીડિયા ભલે લોકોને લલચાવવા માટે ઈન્કમટેક્સમાં રાહતોની વાતો ચલાવ્ય કરતું હોય પણ નિર્મલા કોઈ રાહત આપે એવી શક્યતા જ નહોતી.નિર્મલાએ નવા ઈન્કમટેક્સ એક્ટનો એક એપ્રિલથી અમલ અને ટીસીએસ અંગેના નિયમોમાં ફેરફારની જાહેરાત કરીને સરકાર લોકોને રાહત આપવા માગે છે એવો દેખાવ ઊભો કરવા પ્રયત્ન કર્યો પણ તેનાથી લોકોને બહુ મોટી રાહત નથી. કરચોરોને સજાના બદલે દંડ લઈને છોડી દેવાની જાહેરાત ભાજપ સરકારની ભ્રષ્ટાચારીઓને નહીં છોડાય એવા દાવાને હાસ્યાસ્પદ ઠેરવનારી છે પણ કોઈએ તેની નોંધ જ નથી લીધી.શૅરબજાર સહિતની સિક્યુરિટીઝના ટ્રાન્ઝેક્શન પર લાગતો સિક્યુરિટીઝ ટ્રાન્ઝેક્સન ટેક્સ (એસટીટી) વધાર્યો તેમાં શૅરબજારમાં કડાકો બોલી ગયો પણ તેની બહુ ચિંતા કરવા જેવી નથી. એસટીટી વધ્યો તેની અસર મર્યાદિત સમય માટે રહેશે કેમ કે શૅરબજાર કોઈ એક પરિબળ પર આધાર રાખતું નથી. કાલે હકારાત્મક કશુંક બનશે એટલે શૅરબજાર પાછું ધૂમ મચાવવા માંડશે.નિર્મલાની બીજી જાહેરાતો પણ એવી દમદાર નથી તેથી તેની ચર્ચા કરવાનો મતલબ નથી પણ એક વાત અંગે વિચાર કરવા જેવો છે. આપણે ત્યાં બજેટની પરંપરા અંગ્રેજોની દેન છે. આઝાદી પછી પણ આપણે એ પરંપરા જાળવી કેમ કે આપણી પાસે એ વખતે પોતાની કહેવાય કોઈ સિસ્ટન નહોતી ને નવી સિસ્ટમ ગોઠવવા માટે જરૂરી સંસાધનો કે મેન પાવર નહોતાં. હવે આપણી સ્થિતિ પણ બદલાઈ છે અને દુનિયાનાં સમીકરણો પણ બદલાયાં છે ત્યારે બજેટને અભરાઈ પર ચડાવી દેવાનો સમય આવી ગયો છે એવું નથી લાગતુ ?પરંપરાવાદીઓને આ વાત સાંભળીને આંચકો લાગશે પણ છેલ્લાં કેટલાંક વરસોનાં બજેટ જોશો તો સમજાશે કે બજેટ હવે આઉટડેટેડ વિચાર બની ગયો છે. ઈન્કમટેક્સ સિવાયની બીજી કોઈ બાબત સામાન્ય લોકોને સ્પર્શતી નથી ને લોકોને રસ પણ પડતો નથી એ જોતાં ખાલી ઈન્કમટેક્સ માટે થઈને બજેટની બધી તામઝામન કરવાની જરૂર જ નથી. પહેલાં બજેટ વિશે ભારે ઉત્સુકતા રહેતી કેમ કે કેન્દ્ર સરકાર દ્વારા નવી યોજનાઓ કે કરવેરાને લગતી મોટી જાહેરાતો બજેટમાં જ કરાતી.હવે ચીજવસ્તુઓ અને સેવાઓ માટે ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) આવી ગયો છે ને કઈ ચીજ કે સેવા પર કેટલો જીએસટી લગાવવો તેનો નિર્ણય એકલી કેન્દ્ર સરકાર નથી લેતી પણ રાજ્ય સરકારોના નાણાં મંત્રી અને કેન્દ્રીય નાણાં મંત્રીની બનેલી જીએસટી કાઉન્સિલ લે છે. આ જીએસટી કાઉન્સિલની વરસમાં ચાર વાર બેઠકો મળે છે. આ બેઠકોમાં જીએસટીમાં ફેરફારના નિર્ણયો લેવાઈ જાય છે તેથી બજેટમાંથી ચીજવસ્તુઓ અને સેવાઓ પરના ટેક્સનો આંકડો જ નિકળી ગયો છે.

કસ્ટમ્સ અને એક્સાઈઝ અંગેના નિર્ણયો પણ વૈશ્વિક સ્થિતિના આધારે લેવાય છે. હવે આયાત થતી ચીજો પરના રેટ પણ એકસરખા નથી હોતા પણ દેશ પ્રમાણે બદલાય છે. કોઈ દેશ સાથે સંબંધો સારા હોય ત્યારે એ દેશમાંથી થતી આયાત ચીજ પરથી ડ્યૂટી નાબૂદ થઈ જાય કે ઘટી જાય ને બીજા દેશમાંથી આવતી એ જ ચીજ પર ઊંચો ટેક્સ હોય એવું બને છે.

આપણે યુરોપિયન યુનિયન સાથે ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ કર્યો તેમાં યુરોપિયન યુનિયનના દેશોની વાઈન કે કાર પર ઓછો ટેક્સ લઈશું ને યુરોપમાં જ આવેલા યુકેથી આવતી કાર કે વાઈન પર વધારે ટેક્સ લઈશું. કસ્ટમ્સના રેટ તો આપણાં ઉત્પાદનોનાં હિતો જાળવવા માટે પણ વરસમાં ઘણી વાર બદલવા પડે છે એ જોતાં બજેટમાંથી તેનો પણ આંકડો નિકળી ગયો છે.પહેલાં બજેટમાં જ નવી યોજનાઓ જાહેર થતી પણ હવે એવું નથી. હવે વરસમાં ગમે ત્યારે થાય જ છે તેથી બજેટ એ રીતે પણ મહત્ત્વનું નથી રહ્યું. બજેટમાં અલગ અલગ યોજનાઓ અને મંત્રાલયો માટેની ફાળવણીની વિગતો હોય છે પણ તેની જાહેરાતો નવા નાણાકીય વરસ પહેલાં ગમે ત્યારે કરી શકાય એ જોતાં બજેટ હવે અપ્રસ્તુત બની ગયું હોય એવું લાગે છે. તેને બંધ કરી દેવાય તો પણ બહુ ફરક નહીં પડે.

**બોન્ડ માર્કેટમાં માર્કેટ મેકર્સ નીમવાનો વિચાર સકારાત્મક છે અને કામકાજને વધારવામાં સહાયરૂપ થઇ શકે.**

# એ જ રસ્તો, તેજ રફ્તાર

- **ચાવીરૂપ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નાણામંત્રી નિર્મલાએ પોતાનું નવમું સળંગ બજેટ પેશ કરવા માટે રવિવાર પર પસંદગી ઉતારી.**

કેન્દ્ર સરકારનું ૨૦૨૬-૨૭ માટેનું બજેટ એકંદરે વિકાસના પથ પર શાણપણ અને સંતુલન સાથે આગળ વધનારું છે. મોટી ધડાકાબંધ જાહેરાતો ગેરહાજર છે. તેને માટે અવકાશ પણ ન હતો. નાણાપ્રધાને ખાધઘટાડો, વિકાસખર્ચ, સમાવેશક વિકાસ, અદ્યતન ટેક્નોલોજીના પડકારો, સંરક્ષણ દળોની જરૂરિયાતો અને

ચાવીરૂપ ક્ષેત્રોમાં આત્મનિર્ભરતા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. નાણામંત્રી નિર્મલાએ પોતાનું નવમું સળંગ બજેટ પેશ કરવા માટે રવિવાર પર પસંદગી ઉતારી. અપેક્ષા મુજબ બજેટમાં કોઈ આકર્ષક કે લોભામણી યોજનાઓ નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બજેટને ઉજ્જવળ ભવિષ્યનો પાયો મજબૂત કરનારું લેખાવ્યું છે. વિરોધ પક્ષોની નકારાત્મક પ્રતિક્રિયા અપેક્ષિત જ હોય. રાહુલ ગાંધીએ કહ્યું છે કે, સરકારે યુવાનો, કિસાનો, મહિલાની અવગણના કરી છે. એકંદરે વીતેલા વર્ષમાં ટેરિફ સહિતના પડકારો, પ્રાકૃતિક સંકટો અને વૈશ્વિકસ્તરે યુદ્ધને લીધે અસ્થિર માહોલ વચ્ચે નાણામંત્રીએ ભારતની સ્થિર ગતિ જળવાઈ રહે એની પર ફોકસ રાખ્યું છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે, સરકાર સમક્ષ બીજો કોઈ વિકલ્પ નથી. હકીકતમાં મહિલાઓ માટે દરેક જિલ્લામાં છાત્રાલય, વિશેષ મોલ સહિતની યોજના છે. હાઈસ્પીડ રેલવે કોરિડોર અને જળમાર્ગ વેપાર-ઉદ્યોગ અને સામાન્ય આવાગમનને સરળ બનાવશે. કચ્છના ધોળાવીરા સહિત ૧૫ હેરિટેજ સાઈટના વિકાસ, વિદેશ પ્રવાસ પર કર ઘટાડો, ગાઈડોને તાલીમ, બુદ્ધ સર્કિટ જેવાં પગલાં પ્રવાસન ક્ષેત્રને વેગ આપશે. વ્યક્તિગત આવકવેરો કે કોર્પોરેટ ટેક્સમાં કોઈ નવી રાહત અપાઈ નથી. ઉલટું વાયદાના સોદાઓ પરનો એસટીટી (સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ) ૦.૦૨ ટકાથી વધીને ૦.૦૫ ટકા થવાથી શેરબજારને ઝટકો લાગ્યો છે. આ પગલાંથી શેરબજારોમાં કામકાજ ઘટશે અને વિદેશી રોકાણ થશે એમ કહેવાય છે, પણ આવા આંચકાઓ ટૂંકજીવી હોય છે. વળી સટ્ટાકીય કામકાજમાં મધ્યવર્ગના નાના છૂટક રોકાણકારોના ભોગે અદ્યતન ટેક્નોલોજી અને ઊંડાં ખિસ્સાંવાળા મોટા રોકાણકારો કમાતા હોવાનું બહાર આવ્યા પછી નાણામંત્રાલય આવાં કામકાજને હતોત્સાહ કરવા માગે તો તેમાં કશું ખોટું નથી. સોવરેન ગોલ્ડ બોન્ડ પરની એક છટકબારી સરકારે બંધ કરી છે. આઠ વર્ષની મુદતના ગોલ્ડ બોન્ડ પર રોકાણકારને મળતા મૂડી લાભને કેપિટલ ગેઈન્સ ટેક્સમાંથી મુક્તિ અપાઈ હતી. સોનાંના ભાવ વધી ગયા એટલે ગોલ્ડ બોન્ડ પર પ્રીમિયમ બોલવા લાગ્યા. ઘણા લોકોએ કેપિટલ ગેઈન્સ ટેક્સ બચાવવા માટે બજારમાંથી ગોલ્ડ બોન્ડ ખરીદીને કરમાફીનો લાભ મેળવ્યો હતો. હવે નાણાપ્રધાને જાહેરાત કરી છે કે, જે લોકોએ મૂળ ઈસ્યૂ વખતે સરકાર પાસેથી સીધા બોન્ડ ખરીદ્યા હશે તેમને જ મૂડી કરમાફીનો લાભ મળશે. જેમને બજારમાંથી ખરીદ્યા હશે તેમને કરમાફી નહીં મળે. આવી જોગવાઈ કરવી અને તે પણ પાછલી મુદતથી લાગુ પાડવી એ ઘણા રોકાણકારોને દગાબાજી જેવું લાગશે. પરંતુ સરકારે ગોલ્ડ બોન્ડમાં તેનાં આંગળાં એવા દઝાડ્યા છે કે કોઈ પણ રીતે નુકસાની કાપવા તે આતુર છે. સીધા કરવેરામાં આવકવેરાની જૂની કે નવી પ્રણાલીમાં કોઈ નવી રાહત અપાઈ નથી, પરંતુ નાણાપ્રધાનના પ્રસ્તાવો સમગ્ર વ્યવસ્થામાં માળખાંગત સુધારા કરનારા છે. કરદાતાઓ માટે કાયદો સરળ બનશે, રિટર્ન ફાઈલ કરવાનું સરળ બનશે, વિવાદો ઓછા થશે અને અનુપાલન માટે વધુ સમય મળશે. આડકતરા વેરામાં નિકાસની સ્પર્ધાત્મક્તાને ધ્યાનમાં રાખીને કસ્ટમ ડ્યૂટીમાં અને વિપરીત જકાતમાળખાંને દુરસ્ત કરવા માટે જીએસટીમાં સંખ્યાબંધ ફેરફારો કરાયા છે જે વેપારધંધો કરવાની સુગમતામાં વધારો કરનારા છે. ખર્ચની વાત કરીએ તો કલ્યાણ યોજનાઓ યોગ્ય વર્ગો માટે તકાયેલી છે. ખેડૂતો અને રોજગારી માટે સૌથી વધુ ફાળવણી કરાઈ છે. ઓપરેશન સિંદૂરને પગલે સંરક્ષણ માટેની જોગવાઈમાં થયેલો વધારો અતિશય જરૂરી અને આવકારપાત્ર છે. નાણાકીય ક્ષેત્રના સુધારા માટે એક સમિતિ રચવાની છે. બોન્ડ માર્કેટમાં માર્કેટ મેકર્સ નીમવાનો વિચાર સકારાત્મક છે અને કામકાજને વધારવામાં સહાયરૂપ થઇ શકે. નીતિની નજરે જોતાં બજેટ ખેતી, ઉદ્યોગો, એમએસએમઈ ક્ષેત્ર અને નિકાસ પર કેન્દ્રિત થયેલું છે જે એકેમક સાથે સંકળાયેલાં છે. સાથોસાથ દુર્લભ ખનિજો અને રેર અર્થ મેગ્નેટ્સ માટે ચીન પરનું અવલંબન ઘટાડવા માટે પણ કેટલીક પહેલ કરાઈ છે. ડેટા સેન્ટરોને અપાયેલું પ્રોત્સાહન ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરોના મથક તરીકે ભારતનું સ્થાન સુદૃઢ બનાવશે. ગયા વર્ષની જેમ આ વર્ષે પણ નાણાપ્રધાને વિકાસખર્ચમાં વધારો કરવા સાથે ખાધઘટાડો પણ ચાલુ રાખ્યો છે. ગયા બજેટમાં આવકવેરામાં અપાયેલી રાહત અને ત્યારબાદ જીએસટીના દરોમાં કરાયેલા ઘટાડાને કારણે કરવેરાની આવક મૂળ અંદાજ કરતાં ઓછી રહી છે. સામે પક્ષે વિકાસખર્ચ પણ મૂળ જોગવાઈ કરતાં થોડો ઓછો રહ્યો છે. એ હકીકત છે કે, નવા યુગમાં બજેટ-ફાઈનલ નીતિ દસ્તાવેજ નથી હોતો. સરકારે જીએસટીમાં બેવાર જંગી રાહતો આપી એ બજેટ સિવાયની જ જાહેરાત હતી. નોકરિયાત વર્ગ પણ ગત બજેટમાં મોટી રાહતો પછી સતત બીજાં વર્ષે લાભની આશા ન રાખી શકે. આમે પણ એપ્રિલથી નવો કાયદો લાગુ થવા જઈ રહ્યો છે. જસ્ટ વેઈટ એન્ડ વોચ. બજેટમાં રાજકીય રંગ ન જોવાય તો જ નવાઈ. જે સાત નવા હાઈસ્પીડ કોરિડોર જાહેર થયા છે તેમાં દક્ષિણી રાજ્યો, શહેરોને વધુ લાભ છે. ઉત્તરપ્રદેશ-વારાણસી માટે પણ વિશેષ જોગવાઈ છે. નાણાપ્રધાનની સાવધાની તેમના આવકોના અંદાજમાં પ્રગટ થાય છે. સીધા તેમજ આડકતરા કરવેરામાં રાહતોને કારણે તેમ મૂડી પ્રાપ્તિઓ ઓછી રહેવાથી સરકારની કુલ આવકમાં આશરે રૂા. ૭૮,૦૦૦ કરોડનું (૨.૩ ટકાનું) ગાબડું પડ્યું છે. આ વર્ષે તેમણે કરવેરાની આવકમાં સુધારિત અંદાજ કરતાં માત્ર ૭ ટકાનો વધારો થવાનો અંદાજ મૂક્યો છે, જે (નોમિનલ ફુગાવા સહિતની) રાષ્ટ્રીય આવકના અંદાજિત વધારા કરતાં પણ ઓછો છે. નોમિનલ રાષ્ટ્રીય આવકમાં ૧૦ ટકાનો વધારો અપેક્ષિત છે અને ખરો (ફુગાવો બાદ કર્યા પછીનો) વિકાસદર ૬.૮-૭.૨ ટકા રહેવાનો અંદાજ છે. અર્થાત જથ્થાબંધ ફુગાવો ત્રણેક ટકા અને છૂટક ફુગાવો ચારેક ટકા રહેશે. મોટું કરજ લેવાની જરૂરિયાત અને ફુગાવો વધવાની સંભાવના જોતાં રિઝર્વ બેન્ક વ્યાજદર ઘટાડવાને બદલે યથાવત્ રાખવાનું પસંદ કરે એવી શક્યતા વધુ છે. એકંદરે આ બજેટમાં નવીનતા અને આશ્ચર્યનું તત્ત્વ અદૃશ્ય છે છતાં નાણાકીય શાણપણ અને ભવિષ્યના આશાસ્પદ ક્ષેત્રોને ઉત્તેજન આપવા વચ્ચે સમતુલા સાધવામાં આવી છે, જે આવકાર્ય છે.

**અને કારકિર્દી કેટલીપ માંડ ૧૨ કે ૧૫ વરસની.**

# અરિજિત સિંહ કે ઈન્દ્રિયજિત સિંહ?

- મારા હે પરમ પ્રિય વાચક! જીવવા માટે મેક્સિમમ પાંચ-સાત કરોડ, વાડી વજીફા ઈત્યાદી અહમ્ ભર્યું જીવવા ૨૫ કરોડ અને 'મારી પાસે ૧૦૦ કરોડ છે' એવડા અહમ્ ભર્યું જીવવા માટે ૧૦૦ કરોડ તો બહુ થઈ ગયા.

કમાલ કહેવાય ને! ટોચ પર કાયમ રહેવાના વલખા મારવાની ઈન્દ્રિય, કુબેરના પ્રતિસ્પર્ધી બનવાની ઈન્દ્રિય, રોજ પોતાના જ નામના વધુ ને વધુ પ્રેમમાં ગરકાવ થતા જવાની ઈન્દ્રિય, ઈનસિક્યુરિટીના દોરડા ઉપર તણાવની લાકડીથી અવલંબન જાળવ્યા કરવાની ઈન્દ્રિય અને અન્ય શું કરે છેની ચિંતામાં ઊંઘની ગોળીઓ ખાધા કરવાની ઈન્દ્રિય ઉપર એક જ ઝાટકે વિજય નોંધાવી દીધો અરિજિત સિંહે૫ સંસ્કૃત અને ગુજરાતીમાં અરિનો અર્થ રિપુ એટલે કે દુશ્મન થાય છે.



તો આ માણસે તો, ખરેખર માનવ જીવનના બધા જ દુશ્મનોને પરાસ્ત કરી નાખ્યા. તમે ટોચ પર હો અને તમે રિટાયર્ડ થઈ જાઓ. બે જ કારણે, કાં તો તમે પાગલ થઈ ગયા હો અથવા તમને બુદ્ધત્ત્વ પ્રાપ્ત થઈ ગયું હોય (અત્યારની ઝ્રઁટ્ઠ થેહીર્ટ્ઠિહ જેને ઈહઞ્ઝૈશ્નરીહદ્વીહં નામે ઓળખે છે એ) ડોન બ્રેડમેનને ટેસ્ટ મેચની દરેક ઈનિંગની ૧૦૦ રનની સરેરાશ સિદ્ધ કરવા માત્ર ચાર જ રનની જરૂર હતી છેલ્લી ઈનિંગમાંથી અને બ્રેડમેન આઉટ થયા ઝીરો પર, એમની સરેરાશ રહી હતી ૯૯.૯૬ની. પણ ૧૦૦ની સરેરાશ માટે અગાઉની જાહેરાતની ઉપરવટ જઈને એક વધુ ટેસ્ટ એ ન રમ્યા તે ન જ રમ્યા. અરિજિત બીજું ઘણું બધું હશે જ પણ એ સંગીતનો બ્રેડમેન તો ખરો જ.

અને કારકિર્દી કેટલીપ માંડ ૧૨ કે ૧૫ વરસની. બે-ત્રણ કરોડ એક શોના લેતો હતો. વધારેય હોઈ શકે. પણ ક્રેઝ એટલે માઈકલ જેકસનના શરૂઆતના દિવસોની યાદ અપાવી દે એવો ક્રેઝ. શરૂઆતના સા થી ઉપરના સા સુધીના સાત સૂર ગળામાં એવી નિપુણતાથી રમાડતો કે સ્વયમ્ સંગીતને વિચારોમાં ડૂબાડી દે. અને એય કેવી શરૂઆત સાથે?! રિયાલીટી શોમાં મળેલા જાકારાથી તો શરૂઆત કરી અરિજિતે. પણ મૃદુ લયનો આ માણસ નિરાશાને બદલે ખંતને દિલ દઈ બેઠો. શરૂ કરી દીધો રિયાઝ કોઈ ન જાણે એમ. અનહદ ભરોસો હતો એને ઉપરવાળાના આશીર્વાદ અને પોતાની શક્તિ ઉપર. આવું સાયુજય હોય ત્યાં સ્વીકૃતિની દેન છે કે આવવામાં ચું કે ચાં કરી શકે!

વિત્યા જ્યાં વરસ થોડા કે આ જ અસ્વીકૃત અવાજ કરોડો રસિયાઓનો ધબકાર બની બેઠો. લગ્નની સંગીત મહેફિલો, મોટરગાડીઓની મ્યુઝિક સિસ્ટમ, અનેક દિમાગોની સંગીતની આરક્ષિત જૅક્રષ્ઠી અને સંગીત થેરાપી દ્વારા ઉપચાર પામતા લાખો હૃદયનો કબજો લઈ બેઠો આ અવાજ. અને પાછો કેવો માણસ! મનોજ ખંડેરિયા કહે છે એમ હવા જેવો સરળ૫ 'ફેમ ગુરુકુલ'માંથી જાકારો મળ્યા બાદ ૨૦૦૫થી ૨૦૧૨ સુધી સાત વરસ એટલે કે ૭×૩૬૫ દિવસ સ્ટ્રગલના (અને આ દિવસો વિષે જેણે સ્ટ્રગલ કરી હોય એને જ પૂછવું કે આ સમયમાં એક ક્ષણથી બીજી ક્ષણ સુધી જતાં દિવસો કેમ ભાગી જતા હોય છે૫)

અરિજિતે આ સમય દરમિયાન માપી લીધું કે જે અવાજ છે એનાથી દિગ્વિજય તો શું વિજય પણ નહીં પામી શકાય. એટલે સિંહના આ બચ્ચાએ ગળાની અંદરની વ્યવસ્થાની એ રીતે કુશળતાથી ફેરબદલી કરી કે જેથી અવાજમાં શૃંગારમય આળસ ઉમેરાય અને અવાજની જીટ ર્કૈટ્ઠઞ્ઝ સીમા સીમાડાઓ પાર કરી જાય. અને ચાલીપ અરિજિત સિંહની વાત ચાલી. તે એવી ચાલી ચાલી ચાલી કે કલકત્તા (હજી જૂનું અને મને બહુ ગમતું નામ)થી ડબ કરીને એ મુંબઈમાં સ્ટુડિયો મિક્સિગં માટે રવાના કરે. બંદો પોતે આવે તો આવે, ના ય આવે. પણ પરિણામ? સારું, વધુ સારું, એથી ય વધુ સારુંપમારા હે પરમ પ્રિય વાચક! જીવવા માટે મેક્સિમમ પાંચ-સાત કરોડ, વાડી વજીફા ઈત્યાદી અહમ્ ભર્યું જીવવા ૨૫ કરોડ અને 'મારી પાસે ૧૦૦ કરોડ છે' એવડા અહમ્ ભર્યું જીવવા માટે ૧૦૦ કરોડ તો બહુ થઈ ગયા. બાકીના બધા કરોડો અબજો ખર્વો નિખર્વો પરાર્ધો શંકુઓ લઘુશંકામાં મત્સ્ય ઉદ્યોગ છે, એવું અરિજિતને કેવળજ્ઞાન કયાંથી આવ્યું હશે! ભારતના જોવાલાયક સ્થળમાંથી સાંભળવાલાયક ગવૈયા બનવા માટે અરિજિત સિંહ પ્લેબેક સીગિંગને સલામ કરી રહ્યો છે ત્યારે મને ૮૩-૮૪ સુધીના મહેંદી હસન કે એથીય વધુ ઉત્કૃષ્ટ જાદુગર મળશે? તમને શું લાગે છે? આજે તો અમૃત ઘાયલ, એમના જિગરજાન શૂન્ય પાલનપુરી અને બન્નેના અનુજ શોભિત દેસાઈ અરિજિતને વહાલ કરવા આવી રહ્યા છે.

# આ બંગાળી અભિનેત્રી સાથે જાહેરમાં દુર્વ્યવહાર આયોજક સામે એફઆઈઆર



જાહેરમાં અભિનેત્રીઓ સાથે સામાન્ય લોકો દુર્વ્યવહાર કરે છે, જેનું પ્રમાણ વધી રહ્યું છે. જાણીતી અભિનેત્રી મૌની રોય બાદ હવે બંગાળી અભિનેત્રી અને ભૂતપૂર્વ સાંસદ મીમી ચક્રવર્તી લાઈવ પર્ફોર્મન્સ દરમિયાન હેરાનગતિ અને દુર્વ્યવહારનો ભોગ બની હતી. પશ્ચિમ બંગાળના ઉત્તર ૨૪ પરગણા જિલ્લાના બાણગાંવમાં આયોજિત એક કાર્યક્રમમાં સ્ટેજ પર જ અભિનેત્રીનું અપમાન કરવામાં આવ્યું હોવાના ગંભીર આરોપ કરવામાં આવ્યા હતા. આ બનાવ મુદ્દે હવે અભિનેત્રીએ એફઆઈઆર પણ નોંધાવી છે.

## સોશ્યલ મીડિયા પર વ્યથા ઠાલવી

મૌની રોયે હરિયાણામાં પોતાની સાથે થયેલી છેડતીનો ખુલાસો કર્યા હતો. આ ઘટના ઘટ્યાના ગણતરીના દિવસોમાં જ બંગાળી સિનેમાની ટોચની અભિનેત્રી મીમી ચક્રવર્તી સાથે પણ આવો જ કિસ્સો બન્યો હતો. જેને લઈને મીમી ચક્રવર્તીએ સોશ્યલ મીડિયા પર પોતાની વ્યથા ઠાલવી છે.

પશ્ચિમ બંગાળના બાણગાંવમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન મીમી ચક્રવર્તી સ્ટેજ પર પર્ફોર્મ કરી રહી હતી. ત્યારે તેને અચાનક શો અધવચ્ચે છોડી દેવા માટે મજબૂર કરવામાં આવી હતી. મીમીના જણાવ્યા મુજબ, તેને સ્ટેજ પર અપમાનિત કરવામાં આવી હતી અને તેના પર પાયાવિહોણા આરોપો લગાવવામાં આવ્યા હતા. હું અન્ય કલાકારોનું પર્ફોર્મન્સ પૂરું થાય ત્યાં સુધી ૨૦ મિનિટ મારી કારમાં રાહ જોઈને બેસી રહી હતી, તેમ છતાં મારી સાથે ગેરવર્તન કરવામાં આવ્યું હતું.

## મીમીએ માન્યો ફેન્સનો આભાર

સોશ્યલ મીડિયા પોસ્ટને લઈને મીમી ચક્રવર્તીને ફેન્સ તરફથી સકારાત્મક પ્રતિભાવ મળી રહ્યો છે. ફેન્સના સપોર્ટ બદલ મીમી ચક્રવર્તીએ ફેન્સનો આભાર માન્યો છે. મીમી ચક્રવર્તીએ લખ્યું કે, 'મહિલા કલાકારો પાસેથી હંમેશાં સમાધાન કરવાની અને મૌન રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે. જો અમે બોલીએ તો અમને 'મુશ્કેલ' ગણવામાં આવે છે. પરંતુ જો આપણે સીમાઓ નક્કી નહીં કરીએ, તો આવું વર્તન બીજા કલાકારો સાથે પણ થતું રહેશે.'

મીમીએ સોશ્યલ મીડિયા પર જાહેરાત કરી છે કે તેણે આયોજકોની ગેરવર્તણૂક અને જાહેર ઉત્પીડન સામે કાનૂની કાર્યવાહી શરૂ કરી દીધી છે. ઈવેન્ટ આયોજક સામે ફ્રૈંઇ નોંધાવવામાં આવી છે. મીમી ચક્રવર્તીએ સ્પષ્ટ કર્યું કે, આ કાર્યવાહી કોઈ બદલો લેવા માટે નથી, પરંતુ વાબદારી નક્કી કરવા માટે છે. જેથી ભવિષ્યમાં કોઈ કલાકારની ગરિમાને ઠેસ ન પહોંચે.

## કોણ છે મીમી ચક્રવર્તી?

મીમી ચક્રવર્તીએ ૨૦૧૨માં 'બાપી બારી જા' નામની બંગાળી ફિલ્મથી ડેબ્યૂ કર્યું હતું. આજે તે સૌથી વધુ મોંઘી અને લોકપ્રિય અભિનેત્રી બની ગઈ છે. ૨૦૧૯થી ૨૦૨૪ સુધી જાદવપુર મતવિસ્તારથી સ્ઞ્રના સાંસદ રહી ચૂક્યાં છે. પ્રાઈમ વીડિયો પર તેની 'ભાનુપ્રિયા ભૂતેર હોટેલ' નામની હોરર ફિલ્મ રિલીઝ થઈ છે.

# કલ્કિ ૨૮૯૮ એડી'ની સીક્વલમાં દીપિકાને સાઈ પલ્લવી રિપ્લેસ કરતી હોવાની ચર્ચા

નાગ અશ્વિનની ફિલ્મ 'કલ્કિ ૨૮૯૮ એડી'ની સીક્વલમાંથી દીપિકા પાદુકોણના બહાર થવાની ચર્ચા બાદ હવે તેના સ્થાને કોણ આવશે તે મુદ્દે ભારે ચર્ચા ચાલી રહી છે. થોડા સમયથી એવી ચર્ચા હતી કે ફિલ્મનાં પહેલા ભાગમાં ગર્ભવતી ભટકી રહેનારી યુવતી સુમતિના પાત્રમાં દીપિકાની જગ્યાએ આલિયા ભટ્ટ આવશે. પછી આ રોલ માટે પ્રિયંકા ચોપરા સાથે વાટાઘાટો ચાલતી હોવાની પણ ચર્ચા હતી.

હવે એવા અહેવાલ છે કે દીપિકાએ જ્યાંથી પાત્ર છોડ્યું હતું ત્યાંથી સાઈ પલ્લવી તે ભૂમિકા સંભાળશે. જોકે આ બાબતે હજુ કોઈ ઓફિશિયલ જાહેરાત થઈ નથી.

ફિલ્મની પ્રક્રિયા સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું, ''કલ્કિની ટીમે હજી સુધી કોઈ અંતિમ નિર્ણય લીધો નથી. શક્ય છે કે સાઈ પલ્લવીને કાસ્ટ કરવામાં આવે, પરંતુ બીજી તરફ એવું પણ બની શકે છે કે આ પાત્રને સંપૂર્ણપણે જ ફિલ્મમાંથી કાઢી નાખવામાં આવે.''





નાગ અશ્વિન દિગ્દર્શિત 'કલ્કિ ૨૮૯૮ એડી' અને તેની સીક્વલ ભગવાન વિષ્ણુના દસમા અવતાર, એટલે કે કલ્કિ અવતાર વિશેની હિન્દુ માન્યતા પર આધારિત છે, જે અનુસાર કલિયુગના અંતે પૃથ્વી પર કલ્કિ અવતારનું પ્રાગટ્ય થશે. ફિલ્મના પહેલા ભાગમાં દીપિકાનું પાત્ર સુમતિ કલ્કિ અવતારને પોતાના ગર્ભમાં ધારણ કરેલું બતાવવામાં આવ્યું હતું.ફિલ્મમાં પ્રભાસ અને અમિતાભ બચ્ચન પણ મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં છે. પ્રભાસ એક બાઉન્ટી હન્ટર ના પાત્રમાં છે, જે પરિસ્થિતિઓને કારણે સુમતિ અને તેના ગર્ભમાં રહેલાં બાળકને નુકસાન પહોંચાડવા તત્પર દૂષ્ટ શક્તિઓથી તેની રક્ષા કરવા મજબૂર થાય છે. જ્યારે અમિતાભ બચ્ચન મહાભારતના પાત્ર અશ્વત્થામાની ભૂમિકા ભજવે છે, જેને અમરત્વનો શાપ મળ્યો છે.



# બોર્ડર ૨ઃ બોક્સ ઓફિસ પર વર્લ્ડ વાઇડ ૩૦૦ કરોડનો આંકડો પાર કર્યો

## ફિલ્મે ચાલુ દિવસોમાં પણ સ્થિર ગતિ જાળવી રાખી

સરહદ પર દુશ્યનો સામે લડતા વીર જવાનોની કહાની રજૂ કરતી 'બોર્ડર ૨'એ દર્શકોની દિલને સ્પર્ષવામાં સફળ રહી છે. ૨૦૨૬ના પ્રજાસત્તાક દિવસ પહેલાં રિલીઝ થયેલી આ ફિલ્મે ૨૩ જાન્યુઆરીએ જોરદાર ઓપનિંગ કર્યું હતું અને લાંબા વીકએન્ડ દરમિયાન શાનદાર કમાણી નોંધાવી હતી. જોકે, અઠવાડિયાના ચાલુ દિવસોમાં કલેક્શનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો, છતાં ફિલ્મ સ્થિર ગતિ જાળવવાનો પ્રયાસ કરી રહી છે. રિલીઝના એક અઠવાડિયા બાદ ટ્રેડ વેબસાઈટ સેકનિકના અહેવાલ મુજબ 'બોર્ડર ૨'એ વર્લ્ડ વાઈડ ૩૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે.

'બોર્ડર ૨' ૧૯૯૭માં રિલીઝ થયેલી જે.પી. દત્તાની 'બોર્ડર' ફિલ્મની સ્પિરિચ્યુઅલ સીક્વલ મનાય છે. સેકનિકના આંકડાઓ અનુસાર, અનુરાગ સિંહ દિગ્દર્શિત આ ફિલ્મે મંગળવારે ૧૧.૨૫ કરોડની કમાણી કરી હતી. આ આંકડો સોમવાર અને મંગળવારની કમાણીની સરખામણીમાં વધુ ઘટાડો દર્શાવે છે, કારણ કે તે દિવસોમાં ફિલ્મે અનુક્રમે ૨૦ કરોડ અને ૧૩ કરોડની કમાણી કરી હતી. ઓપનિંગ વીકએન્ડ દરમિયાન ફિલ્મે ભારતમાં ૧૬૦ કરોડથી વધુ કમાણી કરી હતી. હાલ ઉપલબ્ધ આંકડાઓ મુજબ, ભારતીય બજારમાં 'બોર્ડર ૨'ની કુલ કમાણી ૨૨૪.૨૫ કરોડ સુધી પહોંચી ગઈ છે.

ફિલ્મના શરૂઆતના આંકડાઓએ ૨૦૨૫ની બ્લોકબસ્ટર 'ધુરંધર' દ્વારા બનાવાયેલ રેકોર્ડ પણ તોડી નાંખ્યો હતો. રણવીર સિંહની આ ફિલ્મ બોક્સ ઓફિસ સફળ રહ્યા બાદ ૩૦ જાન્યુઆરીએ્ પર રિલીઝ થઈ ચૂકી છે.હવે આંતરરાષ્ટ્રીય કમાણી પર નજર કરીએ તો, સની દેઓલ અભિનિત 'બોર્ડર ૨'ની દિવસની કુલ વૈશ્વિક કમાણી ૩૦૮.૫ કરોડ પર પહોંચી છે. આમાંથી સ્થાનિક બજારનું કલેક્શન ૨૬૮.૫ કરોડ છે, જ્યારે વિદેશી બજારમાંથી ફિલ્મે ૪૦ કરોડની કમાણી કરી છે.

૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ હિન્દી વર્ઝનમાં કુલ ઑક્યુપન્સી ૧૪.૫૨% રહી. વિગતવાર જોઈએ તો, સવારના શોમાં ૬.૬૭% બૂકિંગ જોવા મળ્યું, જે બપોરે વધીને ૧૪.૨૩% થયું હતું. સાંજના શોમાં ટિકિટ બૂકિંગ ૧૭.૦૫% સુધી પહોંચ્યું અને રાત્રિના શોમાં ૨૦.૧૧% હાજરી નોંધાઈ હતી.

હવે 'બોર્ડર ૨'ને બોક્સ ઓફિસ પર નવી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો છે, કારણ કે રાની મુખર્જીની 'મર્દાની ૩' મોટા પડદા પર રિલીઝ થઈ ચૂકી છે. બોક્સ ઓફિસના આંકડાઓમાં હવે બદલાવ જોવા મળશે કે નહીં તે જોવું રસપ્રદ રહેશે. આ ઉપરાંત, વિજય સેતુપતિની 'ગાંધી ટોક્સ' પણ આ શુક્રવારે ૭૦સ્ સ્ક્રીન પર રિલીઝ થઈ છે. નવી રિલીઝ સાથે દર્શકો પાસે હવે એકથી વધુ વિકલ્પો ઉપલબ્ધ છે. શુક્રવારના આંકડા આવતા વીકએન્ડ અંગેની દિશા દર્શાવશે.

# તુમ હી હો, બસ તુમ હી હો



વિજય મર્ચન્ટ અને સુનીલ ગાવસકરપએ બંને ભારતીય ક્રિકેટના ઓપનિંગ બેટ્સમેન અને વિશ્વખ્યાતિ મેળવનારા ક્રિકેટર. ૧૯૫૧માં ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટમાં ૧૫૪ રનની શાનદાર ઈનિંગ્સ રમ્યા પછી વિજય મર્ચન્ટએ નિવૃત્તિ જાહેર કરતા સોપો પડી ગયો હતો. કેમ? કેમ? કેમ? જેવા સવાલોના ધોધ સામે મિસ્ટર મર્ચન્ટનો જવાબ શાંત વહેતા ખળખળ ઝરણા જેવો હતોઃ Retire when people ask why, and not why not ક્યારે નિવૃત્ત થાઓ છો એવો સવાલ થાય એના કરતાં કેમ નિવૃત્ત થયા એવી પ્રતિક્રિયા આવે એ નિવૃત્તિનો શ્રેષ્ઠ સમય છે.

ટૂંકમાં કોઈ કાઢી મૂકે એના કરતાં આપમેળે નીકળી જવામાં વધુ સાર છે. ૩૬ વર્ષ પછી સુનીલ ગાવસકરે પાકિસ્તાન વિરુદ્ધની ટેસ્ટમાં કાતિલ પીચ પર ૯૬ રનની અફલાતૂન ઈનિંગ્સ રમી ટેસ્ટ ક્રિકેટને અલવિદા કહ્યું હતું. અસ્સલ વિજય મર્ચન્ટ સ્ટાઈલમાં. કોઈ 'આવજો' કહે એ પહેલા જાતે 'આવજો' કહીને નીકળી જવું એ ઉત્તમ લક્ષણ છે.

આ અઠવાડિયે હિન્દી ફિલ્મ સંગીતમાં પણ આવી જ એક ઘટના બની. એક આખો દસકો હિન્દી ફિલ્મ સંગીતમાં ગજાવ્યા પછી અચાનક નિવૃત્તિની જાહેરાત કરતા અરિજિત સિંહના અગણિત ચાહકો સ્તબ્ધ થઈ ગયા છે—ચોંકી ગયા છે. નિવૃત્તિનું કારણ?

સિંગરએ સ્પષ્ટતા કરી છે કે 'આ નિર્ણય પાછળ કોઈ એક કારણ જવાબદાર નથી. એકથી વધુ કારણ છે અને સાચું કહું તો લાંબા સમયથી હું 'આવજો' કહેવાનું વિચારી રહ્યો હતો અને આખરે મારામાં એ હિંમત આવી છે. એક મહત્ત્વનું કારણ એ છે કે હું બહુ જલદી કંટાળી જાઉં છું એટલે જ મારાં ગીતો સ્ટેજ પર જુદી જુદી રીતે રજૂ કરતો હોઉં છું. ટૂંકમાં હું કંટાળી ગયો છું. મારે હવે નોખું સંગીત વગાડી આગળ વધવું છે.' અરિજિત સિંહની આ વાત વ્યવહારુ નહીં લાગે, પણ વાતમાં દમ જરૂર છે.

સંગીતકાર એ. આર. રેહમાનની ડિમાન્ડ ઘટવાનું એક કારણ એમની શૈલીના સંગીતથી લોકો ધરાઈ ગયા હોય એ દલીલમાં વજન છે એમ પોતાના સંગીતથી રસિકો ધરાઈ જાય એ પહેલા પોતે જ કંટાળી જવું એ અરિજિત સિંહના કારણમાં પણ વજૂદ છે. કલાકાર હંમેશાં નાવીન્ય ઝંખતો હોય છે. કલાકારની એ જ સાચી ઓળખ છે. કારકિર્દીના એવરેસ્ટ પર બિરાજમાન હોય ત્યારે વ્યક્તિગત કારણસર અથવા પોતાની વિરાસત જાળવી રાખવા નિવૃત્તિ જાહેર કરી હોય કે છેડો ફાડી નાખ્યો હોય કે પ્રસિદ્ધિથી જાતને સંકોરી લીધી હોય એવા અનન્ય ઉદાહરણ ઈતિહાસના ચોપડે જમા છે.

વેસ્ટર્ન મ્યુઝિકના શોખીનો્ રી મીદ્રંજ્ઞીજ, છમ્મ્છ જેવા મ્યુઝિક બેન્ડના નામથી પરિચિત હશે. જોન લેનન, પોલ મેકાર્ટની અને જ્યોર્જ હેરિસન જેવા સિદ્ધહસ્ત મ્યુઝિશિયન્સ ધરાવતા ઈંગ્લિશ રોક બેન્ડ બીટલ્સ ગ્રુપ ૧૯૬૦ના દાયકામાં વિશ્વ સમસ્તમાં છવાઈ ગયું હતું. ૧૯૭૦માં કરિયરનું સર્વોત્તમ આલબમ Abbey Road રિલીઝ થયા પછી અંગત કારણસર બીટલ્સ વેરવિખેર થઈ ગયું. ૧૯૭૨માં અસ્તિત્વમાં આવેલું સ્વીડિશ પોપ ગ્રુપ 'આબા' પણ ડિસ્કો મ્યુઝિકમાં દસકો ગજાવ્યા પછી અંગત સમસ્યાઓને કારણે છિન્નભિન્ન થઈ ગયું હતું. દરેકનાં આગવાં કારણો છે, પણ એવરેસ્ટ પર વાવટો લહેરાતો હોય ત્યારે લીલા સંકેલી લેવાની વાતનું સામ્ય છે.

અરિજિત સિંહે અનેક કારણો આપ્યા છે જેની છણાવટ કરવા બેસીએ તો એક લેખમાળા કરવી પડે. અહીં એ આશય નથી અને કલાભિમુખ કારણને પ્રાધાન્ય આપવું છે. નિવૃત્તિ માટેના ખુલાસામાં અરિજિતે જે વાતો કરી છે એમાં એક વાત એમ પણ છે કે એ ભારતીય શાીય સંગીત પર વધુ ધ્યાન આપવા માગે છે, સ્વતંત્ર પ્રોજેક્ટ્સ પર કામ કરવા માગે છે (મતલબ કે કોઈની આડખીલી વિના મનભાવન કામ કરવું છે) અને પોતાને પ્રિય છે, વહાલું છે એ દિશામાં આગળ વધવું છે.આ વાત સારી અને સાચી છે અને જો એમાં એને ધારી સફળતા મળશે તો ખોવાઈ ગયેલો ૧૯૬૦નો સંગીતનો સુવર્ણ દાયકો ફરી આપણી સમક્ષ હાજર થઈ શકે છે. 'ધુરંધર'ના સંગીતમાં (ના તો કારવાં કી તલાશ હૈ) એનું વધુ એક ટ્રેલર આપણે માણી ચુક્યા છીએ. વીસમી સદીના છેલ્લા દાયકામાં જેની શરૂઆત થઈ એકવીસમી સદીમાં વેગ આવ્યો એ બીટ્સના-તારસ્વરના પ્રભુત્વવાળા સંગીતમાં ઘણા નવા ગાયકો સંગીત ક્ષિતિજ પર ઊભરી આવ્યા. એનો પ્રમુખ શ્રેય સંગીતકાર રેહમાનને જાય છે.જુબિન નૌટિયાલ, કુણાલ ગાંજાવાલા, મોહિત ચૌહાણ, અંકિત તિવારી, રાહુલ વૈદ્ય અને બીજા પણ છે જેમાં શિરમોર ગણાયો છે અરિજિત સિંહ. એક વાત ખાસ નોંધવી રહી કે મોટાભાગના નવા દમદાર પુરુષ ગાયકોની ઝળહળતી કારકિર્દીનો સમયકાળ બે ચાર કે પાંચ વર્ષ પૂરતો સીમિત હતો જ્યારે અરિજિત સિંહનો સિતારો ૨૦૧૧માં 'મર્ડર'ના 'દિલ સંભલ જા જરા, ફિર મોહબ્બત કરને ચલા'થી લઈને 'ધુરંધર'ના 'તૂ અગર મેરી, યે હવાએં તેરી, તૂ અગર મેરી, સારી રાહેં તેરી' સુધી તેજસ્વીપણે ઝળહળતો રહ્યો છે. સાત કરોડનો સવાલ એ છે કે અરિજિત અન્ય ગાયકોથી કઈ રીતે નોખો તરી આવે છે?આમ જોવા જાવ તો જેન ઝીને અરિજિત સિંહની ઓળખાણ થઈ 'મર્ડર'ના ગીતથી એ ખરું પણ પ્લેલિસ્ટનું એ અવિભાજ્ય અંગ બન્યો બે વર્ષ પછી. એકવીસમી સદીના બીજા દાયકામાં સામ્રાજ્ય સોનુ નિગમનું હતું. ફિલ્મ ગીતો હોય કે પ્રાઈવેટ આલબમ સોનુના નામના સિક્કા જ ખણખણતા હતા. ૨૦૧૩માં અચાનક એક ગીત આવ્યું અને બધા કાન-મુખ્યત્વે યંગસ્ટર્સના કાન સરવા થયા. 'સૈયારા' વાળા મોહિત સુરીની ફિલ્મ 'આશિકી ૨' રિલીઝ થઈ હતી. એના ગીત 'ક્યુંકી તુમ હી હો, અબ તુમ હી હો, મેરી ઝિંદગી અબ તુમ હી હો, ચૈન ભી, મેરા દર્દ ભી, મેરી આશિકી અબ તુમ હી હો'ને યુવાનોને ઘેલું લગાડ્યું હતું. ગીતનો ગાયક હતો અરિજિત સિંહ અને આ ગીત પછી ગાયક જેન ઝીના દિલની ધડકન બની ગયો. એ. આર. રેહમાનથી શંકર—એહસાન—લોય સહિતના પ્રમુખ સંગીતકારોનો પ્રિય ગાયક બની ગયો અને તેમના સ્વરાંકનમાં અરિજિતનો સમાવેશ સતત જોવા મળ્યો.મોડર્ન સંગીતના અભ્યાસુઓએ અરિજિતની સફળતા માટે આપેલાં કારણોમાં સખત મહેનત, યોગ્ય માર્ગદર્શન, ગાયકીમાં સાતત્ય, જોખમ લેવાની તૈયારી અને સતત કશુંક નોખું કરવાની કોશિશને કારણે ઘેર ઘેર એનું નામ ગુંજતું થયું છે. એની ગાયકીની લાક્ષણિકતાઓમાં એનો ટોન—એના અવાજમાં એવું ગજબનાક વૈવિધ્ય છે કે દરેક શૈલીના (રોમેન્ટિક, સેડ, ગઝલ, કવ્વાલી, ક્લબ સોન્ગ, પંજાબી લોક સંગીત અને ભારતીય શાીય સંગીત સુધ્ધાં) ગીતોમાં એ ખીલી ઊઠે છે.સૌથી મહત્ત્વની વાત એ છે કે તેણે વીસેક વર્ષ હિન્દુસ્તાની શાીય સંગીતમાં તાલીમ લીધી છે, જેને કારણે ગાયકીની પાયાની જરૂરિયાતમાં એનું ગજબનું કૌશલ છે. છોગામાં એ સારો તબલા વાદક હોવા ઉપરાંત ગિટાર અને પિયાનો વગાડી જાણે છે. સંગીત સ્વરબદ્ધ કરતા પણ આવડે છે. શાહરુખની 'દિલવાલે'ના લોકપ્રિય ગીત 'ગેરુઆ' ગાવા ઉપરાંત એની મ્યુઝિક એરેન્જમેન્ટ પણ અરિજિતની જ છે. આ આવડતો એની ગાયકીને વધુ સંગીન બનાવે છે.

કોણે કેટલો સમય સક્રિય રહેવું અને ક્યારે લીલા સંકેલી લેવી એ અંગત બાબત છે, પણ અરિજિત સિંહને એટલું જરૂર કહેવું જોઈએ કેપ અરિજિત, અલાયદી ગાયકી માટે થેન્ક યુ વેરી મચ. હિન્દી ફિલ્મ સંગીતમાં તારી ખોટ સાલશે, પણ નવી ઈનિંગ્સમાં ઈચ્છિત ફળ મળે એવી શુભેચ્છા.

# ભારતે પાકિસ્તાનને ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધું

## અંડર-૧૯ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતનો ૫૮ રનથી શાનદાર વિજય, ગુજરાતનો વેદાંત ત્રિવેદી બેટિંગમાં ઝળક્યો

ગુજરાતી ખેલાડી વેદાંત ત્રિવેદીની મક્કમ અને મજબૂત અડધી સદી બાદ બોલર્સે કમાલ કરતાં ભારતીય અંડર-૧૯ ક્રિકેટ ટીમે રવિવારે રમાયેલી આઈસીસી અંડર-૧૯ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપની મેચમાં પાકિસ્તાન અંડર-૧૯ ટીમને ૫૮ રનથી હરાવીને કટ્ટર હરીફ પડોશી દેશની ટીમને વર્લ્ડ કપની સેમિફાઈનલની રેસમાંથી બહાર કરી દીધું હતું.

અહીંના ક્વિન્સ પાર્ક સ્પોર્ટ્સ ક્લબ ખાતે રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતાં ભારતે ૪૯.૫ ઓવરમાં ઓલઆઉટ થતાં અગાઉ ૨૫૨ રનનો સ્કોર રજૂ કર્યો હતો. પાકિસ્તાનને આ મેચ જીતવી જ જરૂરી ન હતી પરંતુ સેમિફાઈનલમાં પ્રવેશની રેસમાં ટકી રહેવા માટે ૨૫૩ રનનો ટારગેટ ૩૩.૩ ઓવરમાં ચેઝ કરવો જરૂરી હતો. જોકે પાકિસ્તાનથી બેમાંથી એકેય બાબત શક્ય બની ન હતી. પાકિસ્તાન અંડર-૧૯ ટીમ આખરે ૪૬.૨ ઓવરમાં ૧૯૪ રન કરી શકી હતી.

૨૫૩ રનના ટારગેટ સામે રમતાં પાકિસ્તાન માટે ઓપનર હમઝા ઝહુર અને ઉસ્માન ખાન જ લડત આપી શક્યા હતા. હમઝાએ ૪૯ બોલમાં આઠ ચોગ્ગા સાથે ૪૨ રન ફટકાર્યા હતા જ્યારે ઉસ્માન ખાન શાનદાર બેટિંગ કરી રહ્યો હતો. તેણે ૯૨ બોલમાં સાત ચોગ્ગા સાથે ૬૬ રન ફટકાર્યા હતા. ઉસ્માન રમી રહ્યો હતો ત્યાં સુધી પાકિસ્તાનની આશા જીવંત હતી પરંતુ તેની વિકેટ પડ્યા બાદ ભારતનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો. ભારત માટે કેપ્ટન આયુષ મ્હાત્રે અને ખિલાન પટેલે ત્રણ ત્રણ વિકેટ લીધી હતી.

અગાઉ ભારતીય અંડર-૧૯ ટીમની બેટિંગનું આકર્ષણ




અમદાવાદનો ગુજરાતી ખેલાડી વેદાંત ત્રિવેદી અને પૂંછડિયા ખેલાડીઓની આક્રમક બેટિંગ રહી હતી. ભારતે મજબૂત શરૂઆત કરીને આઠ ઓવર સુધીમાં સ્કોર ૪૭ સુધી પહોંચાડી દીધો હતો પરંતુ આ જ સ્કોર પર પહેલી ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી વેદાંત ત્રિવેદીએ લડાયક બેટિંગની શરૂઆત કરી હતી.

ઓપનર એરોન જ્યોર્જ ૨૫ બોલમાં ૧૬ રન કરી શક્યો હતો તો સામાન્ય રીતે આક્રમક બેટિંગ કરવા જાણીતા અને ટેવાયેલા વૈભવ સૂર્યવંશી પાસેથી મોટી ઈનિંગ્સની અપેક્ષા રખાતી હતી. તેણે ૨૨ બોલમાં ૩૦ રન ફટકાર્યા હતા પરંતુ લાંબી ઈનિંગ્સ રમી શક્યો ન હતો. વૌભવે પાંચ ચોગ્ગા અને એક સિક્સર સાથે ૩૦માંથી ૨૬ રન બાઉન્ડ્રી શોટથી ફટકાર્યા હતા. કેપ્ટન આયુષ મ્હાત્રે માત્ર બે જ બોલ રમી શક્યો હતો અને શૂન્ય પર આઉટ થયો હતો.

ત્રણ વિકેટે ૪૭ રનના સ્કોર બાદ વેદાંત ત્રિવેદીએ એક છેડો સાચવીને મક્કમ બેટિંગ કરી હતી. તેણે ૯૮ બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સર સાથે ૬૮ રન ફટકાર્યા હતા. વિહાન મલ્હોત્રાએ ટીમનો રકાસ અટકાવીને વેદાંતને સપોર્ટ કરતી બેટિંગ કરીને ૪૩ બોલમાં ૨૧ રનનું યોગદાન આપ્યું હતું.ભારતીય ઈનિંગ્સના અંતિમ તબક્કામાં અભિજ્ઞાન કુન્ડુએ ૨૧ અને અંબરિશે ૧૬ રનનું યોગદાન આપ્યું હતું ત્યાર બાદ કનિષ્ક ચૌહાણે આક્રમક બેટિંગ કરીને ૨૯ બોલમાં ૩૫ રન ફટકાર્યા હતા તો ગુજરાતી ખેલાડી ખિલાન પટેલે ૧૫ બોલમાં બે ચોગ્ગા અને એક સિક્સર સાથે ૨૧ રન ફટકાર્યા હતા. પાકિસ્તાન માટે અબ્દુલ સુભાને ૩૩ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી તો બાકીના તમામ બોલરે કમસે કમ એક વિકેટ ઝડપી હતી.

# ૮૯ વર્ષ જૂનો વિક્રમ તોડી સ્પેનના અલ્કારાઝે ઓસ્ટ્રેલિયન ઓપન સિંગલ્સનો તાજ જીત્યો

સ્પેનના કાર્લોસ અલ્કારાઝે અહીં રવિવારે પહેલી જ વખત ઑસ્ટ્રેલિયન ઓપનનો સિંગલ્સનો તાજ જીતી લીધો હતો અને એ સાથે તેણે સૌથી નાની ઉંમરે સિંગલ્સના ચારેય ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ જીતવાનો ૮૮ વર્ષ જૂનો વિક્રમ તોડ્યો હતો.

અલ્કરાઝે ફાઈનલ મુકાબલામાં પીઢ ખેલાડી અને વિક્રમજનક ૨૪ ગ્રેન્ડ સ્લેમ ટ્રોફી જીતી ચૂકેલા સર્બિયાના નોવાક જોકોવિચને ૨-૬, ૬-૨, ૬-૩, ૭-૫થી પરાજિત કર્યો હતો.

જોકેવિચ અગાઉ ૧૦ વખત ઑસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલમાં પહોંચ્યો હતો અને દસેય વખત વિજેતા થયો હતો, પરંતુ રવિવારે વર્લ્ડ નંબર-વન અલ્કરાઝે તેની એ અભૂતપૂર્વ અને વિક્રમજનક





વિજયકૂચ થંભાવી દીધી હતી. બન્ને ખેલાડી શુક્રવારે પાંચ-પાંચ સેટવાળી સંઘર્ષપૂર્ણ સેમિ ફાઈનલ જીતીને ફાઈનલમાં સામસામે આવ્યા હતા અને એમાં અલ્કરાઝે સફળતા મેળવી હતી.

બાવીસ વર્ષ અને ૨૭૨ દિવસની ઉંમરનો અલ્કરાઝ સિંગલ્સની ચારેય ગ્રેન્ડ સ્લેમ ટ્રોફી જીતનાર વિશ્વનો સૌથી નાની વયનો ટેનિસ ખેલાડી છે. તેણે અમેરિકાના ડોન બજનો વિશ્વ વિક્રમ તોડ્યો હતો. ૧૯૩૮ની સાલમાં તેમણે ચારેય ગ્રેન્ડ સ્લેમ ટાઈટલ જીતવાની સિદ્ધિ મેળવી હતી ત્યારે તેમની ઉંમર બાવીસ વર્ષ અને ૩૬૩ દિવસની હતી. ડોન બજનું ૨૦૦૦ની સાલમાં ૮૪ વર્ષની ઉંમરે અવસાન થયું હતું.

# ભારત ICC પ્રોટોકોલનું પાલન કરશે : ટીમ ઈન્ડિયા શ્રીલંકા જશે; નિર્ણય રેફરી પર છોડશે




પાકિસ્તાને T20 વર્લ્ડ કપમાં ભારત સામે રમવાનો ઈનકાર કર્યો છે. તેમ છતાં, ભારતીય ટીમ આ મેચ માટે શ્રીલંકા જશે. T20 વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન એક જ ગ્રુપમાં છે અને બંને ટીમો વચ્ચેની મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાવાની છે.

મળતી માહિતી અનુસાર, ભારતીય ટીમ ICC પ્રોટોકોલનું પાલન કરશે અને મેચ માટે કોલંબો જશે. સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ટીમ મેચ રેફરી દ્વારા મેચ રદ જાહેર કરવાની રાહ જોશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય ટીમ આ મેચ સંબંધિત તમામ જરૂરી પ્રોટોકોલનું પાલન કરશે. તેઓ સમયપત્રક મુજબ પ્રેક્ટિસ કરશે અને મેચ પહેલા પ્રેસ કોન્ફરન્સ પણ કરશે. વધુમાં, ટીમ કોલંબો સ્ટેડિયમની પણ યાત્રા કરશે. "ભારતીય ટીમ શ્રીલંકા જશે અને ICC પ્રોટોકોલનું પાલન કરશે. ટીમ સમયસર સ્ટેડિયમ પહોંચશે અને મેચ રદ કરવી કે નહીં તે અંગે મેચ રેફરીના નિર્ણયની રાહ જોશે."

જોકે, આ મુદ્દે યુ-ટર્ન લીધો અને ટુર્નામેન્ટમાં ભાગ લેવાનો નિર્ણય લીધો. પાકિસ્તાન જીદ પર રહ્યું અને ટુર્નામેન્ટમાં ભારત સામે મેચ ન રમવાનો નિર્ણય લીધો. પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પર લખ્યું, "પાકિસ્તાન ક્રિકેટ ટીમ ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચમાં મેદાનમાં ઉતરશે નહીં." આ નિર્ણય માટે નિવેદનમાં કોઈ કારણ આપવામાં આવ્યું નથી.

આ પહેલા, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ મોહસીન નકવીએ વડા પ્રધાન શાહબાઝ શરીફને મળ્યા હતા અને તેમને બાંગ્લાદેશ વિવાદ અંગે માહિતી આપી હતી. ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત હાલમાં શાનદાર ફોર્મમાં છે, તાજેતરમાં પાંચ મેચની T20 શ્રેણીમાં ન્યૂઝીલેન્ડને ૪-૧થી હરાવ્યું છે.

T20 વર્લ્ડ કપમાં ભારતનો પાકિસ્તાન સામે ઉત્તમ રેકોર્ડ છે. બંને ટીમો આઠ વખત એકબીજા સામે ટકરાઈ છે, અને ભારતે પાકિસ્તાનને સાત વખત હરાવ્યું છે, જ્યારે પાકિસ્તાન ફક્ત એક જ વાર જીત્યું છે.પાકિસ્તાન T20 વર્લ્ડ કપના ગ્રુપ છ માં ભારત, નામીબિયા, નેધરલેન્ડ્સ અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે સ્થાન ધરાવે છે. તેઓ તેમની બધી મેચ શ્રીલંકામાં રમશે, જે ભારત સાથે ટુર્નામેન્ટનું સહ-યજમાન છે.

પાકિસ્તાન ૭ ફેબ્રુઆરીએ T20 વર્લ્ડ કપના શરૂઆતના દિવસે નેધરલેન્ડ્સ સામે પોતાની પહેલી મેચ રમશે. ત્યારબાદ તેઓ ૧૦ ફેબ્રુઆરીએ યુનાઈટેડ સ્ટેટ્સ અને ૧૮ ફેબ્રુઆરીએ નામિબિયા સામે ટકરાશે. જો પાકિસ્તાન ભારત સામેની મેચનો બહિષ્કાર કરે છે, તો તે તે મેચ માટે બે પોઈન્ટ ગુમાવશે.

# ભારતની દેવિકા સિહાગની સિદ્ધિ, થાઇલેન્ડ માસ્ટર્સ ટાઇટલ જીત્યું

## મલેશિયન હરીફ ઘાયલ થતાં દેવિકા વિજેતા, સિદ્ધિ હાંસલ કરનારી ભારતની ત્રીજી ખેલાડી

ભારતની યુવાન બેડમિન્ટન સ્ટાર દેવિકા સિંહે શાનદાર પ્રદર્શન કરીને કારકિર્દીમાં પહેલી વાર મઉક્ષ સુપર ૩૦૦ થાઈલેન્ડ ઓપન ટાઇટલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ૨૫૦,૦૦૦ અમેરિકી ડોલરની ઈનામી રકમ ધરાવતી આ ટુર્નામેન્ટની રવિવારે રમાયેલી વિમેન્સ સિંગલ્સની ફાઈનલમાં મલેશિયાની ગોહ જીન વેઈ અધવચ્ચેથી ખસી ગઈ હતી.

હરિયાણાની ૨૦ વર્ષીય દેવિકા ફાઈનલમાં ૬૮મા ક્રમની મલેશિયન ખેલાડી ગોહ સામે ૨૧-૮, ૬-૩થી આગળ હતી ત્યારે બે વખતની વર્લ્ડ જુનિયર ચેમ્પિયન મલેશિયન ખેલાડી હેમસ્ટ્રિંગની ઈજાને કારણે આગળ રમી શકી ન હતી. આમ ભારતની દેવિકાએ તેની કારકિર્દીમાં પહેલી વાર કોઈ મેજર ટાઈટલ જીતવામાં સફળતા હાંસલ કરી હતી.

દેવિકાએ મેચ બાજ જણાવ્યું હતું કે આજે હું ખૂબ ખુશ છું કેમ કે મેં મારી કારકિર્દીમાં પહેલી વાર કોઈ સુપર ૩૦૦ બેડમિન્ટન ટાઇટલ જીત્યું છે. આ ટુર્નામેન્ટમાં મેં કેટલીક શાનદાર મેચ રમી હતી. મને તેમાંથી ઘણું શીખવા પણ મળ્યું હતું. મેં મારી રમતોમાં તેનો અમલ કર્યો હતો અને મારી ભૂલો સુધારવામાં પણ મને જેમ જેમ રમતી ગઈ તેમ તેમ લાભ થતો ગયો હતો. આ મેચ રમતા અગાઉ મેં હાર કે જીત અંગે વિચાર્યું ન હતું. તેને બદલે મેં મારું ૧૦૦ ટકા યોગદાન આપવાનો નિર્ણય કર્યો હતો. તેનાથી મારો આત્મવિશ્વાસ વધી ગયો હતો.

આ સફળતા સાથે દેવિકા સિંહ ભારતની એવી ત્રીજી ખેલાડી બની હતી જેણે સુપર ૩૦૦ બેડમિન્ટન ટાઈટલ જીત્યું હોય. અગાઉ આ સફળતા હાંસલ કરનારી બંને ખેલાડી ભારતની મહાન ખેલાડી બની



હતી જેમાં સાઈના નહેવાલ અને પીવી સિંધૂનો સમાવેશ થાય છે.

વિશ્વમાં ૬૩મો ક્રમાંક ધરાવતી દેવિકા બેંગલોર ખાતે પાદુકોણે-દ્રવિડ સેન્ટર ફોર સ્પોર્ટ્સ એક્લેન્સમાં તાલીમ લઈ રહી છે. હાલમાં તે ઈન્ડોનેશિયાના કોચ ઈરવાનસ્યાહ આદિ પ્રતામા પાસે તાલીમ લઈ રહી છે જેની સાથી તરીકે ત્યાં પીવી સિંધૂ પણ ટ્રેનિં લઈ રહી છે. ફાઈનલ મેચ દેવિકા માટે આનંદ લાવી હતી પણ તેની પ્રતિસ્પર્ધી ગોહ જીન વેઈ માટે વેદના લાવી હતી. જે ફાઈનલ અગાઉ ત્રણ ત્રણ ગેમ ધરાવતી ચાર મેચ રમ્યા બાદ થાકેલી જણાતી હતી. રવિવારે મલેશિયન ખેલાડી દેખીતી રીતે થાકેલી દેખાતી હતી કારણ કે તેની હિલચાલમાં તકલીફ પડી રહી હતી. ગોહ છેલ્લા બે વર્ષથી ફોર્મ અને ફિટનેસ માટે સંઘર્ષ કરી રહી છે અને શનિવારે પણ તેણે થાકની ફરિયાદ કરી હતી. તેને કોર્ટમાં હલનચલન કરવામાં મુશ્કેલી પડતી હતી. ઘણી વાર ઈજાને કારણે તેનો ડાબા પગ ખસી શકતો ન હતો.

# કાર્લોસ અલ્કારાઝે સૌથી યુવાન વયે ઓસ્ટ્રેલિયન ઓપન ટાઇટલ જીત્યું



છેલ્લી નવ ફાઈનલથી અજેય રહેલા નોવાક યોકોવિચની જીતનો સિલસિલો તોડીને રવિવારે રમાયેલી ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટની ફાઈનલમાં કાર્લોસ અલ્કારાઝે વિજય સાથે ટાઈટલ જીતી લીધું હતું. આ સાથે ઓસ્ટ્રેલિયન ઓપન જીતનારો અલ્કારાઝ સૌથી યુવાન ખેલાડી બન્યો હતો. એટલું જ નહીં પરંતુ તેણે હવે પોતાની કારકિર્દીમાં ચારેય ગ્રાન્ડસ્લેમ જીતવાની સિદ્ધિ પણ હાંસલ કરી છે તો બીજી તરફ નોવાક યોકોવિચ મેલબોર્ન પાર્ક ખાતે છેલ્લે દસ વખત જ્યારે પણ ફાઈનલમાં પ્રવેશ્યો હોય ત્યારે હાર્યો નથી પરંતુ રવિવારે આ સિલસિલા પર પણ બ્રેક વાગી ગઈ હતી.

યોકોવિચ રમતો હોય તે તમામ મેચ લગભગ પાંચ સેટમાં પ્રવેશતી હોય છે કેમ કે તે ક્યારેય હાર માનતો નથી પરંતુ રવિવારે રમાયેલી ફાઈનલ મેચમાં મોખરાના ક્રમના અલ્કારાઝે તેને કારકિર્દીનું પાંચમુ ટાઈટલ જીતતા અટકાવીને અંતે ૨-૬, ૬-૨, ૬-૩, ૭-૫થી વિજય હાંસલ કર્યો હતો.સ્પેનના ૨૨ વર્ષીય ખેલાડી અલ્કારાઝે એવા કેટલાક શોટ રોક્યા હતા જે સામાન્ય રીતે યોકોવિચ માટે વિનર્સ પુરવાર થતા હોય છે. આ ઉપરાંત ૩૮ વર્ષના હરીફ ખેલાડી સામે અલ્કારાઝે સતત દબાણ જાળવી રાખ્યું હતું.ચોથી સેટમાં જેનો તેણે વિજય હાંસલ કર્યો તે સાથે અલ્કારાઝે તેના હાથમાંથી રેકેટ સરી જવા દીધું હતું અને માથા પાસે હાથ રાખીને જમીન પર સૂઈ ગયો હતો.થોડી સેકન્ડ આ રીતે લાંબા થઈને જમીન પર પડ્યા રહ્યા બાદ તે નેટ પાસે ગયો હતો અને યોકોવિચ સાથે હાથ મિલાવ્યા હતા. બંને ખેલાડીએ થોડી વાર વાત કરી હતી અને યોકોવિચે હરીફ ખેલાડીને અભિનંદન પાઠવીને સ્માઈલ સાથે વિદાય લીધી હતી.

# પાકિસ્તાની કોચ સરફરાઝ ખાને ICC નિયમોનો ભંગ કર્યો, ડગઆઉટમાં ફોનનો ઉપયોગ કરતા જોવા મળ્યા

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (ICC) ના નિયમો તોડવા એ પાકિસ્તાન માટે એક નવો શોખ બની ગયો છે. રવિવારે ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી અંડર-૧૯ વર્લ્ડ કપ મેચ દરમિયાન, પાકિસ્તાનના કોચ સરફરાઝ અહેમદ એક એવી હરકત કરતા જોવા મળ્યા જેના પર સવાલો ઉભા થયા છે.

અંડર-૧૯ વર્લ્ડ કપ સુપર સિક્સ મેચ બુલાવાયોમાં રમાઈ હતી. આ મેચ દરમિયાન પાકિસ્તાન ટીમના કોચ સરફરાઝ અહેમદ ડગઆઉટમાં બેસીને પોતાનો ફોન વાપરતા જોવા મળ્યા હતા.

તેમની તસવીરો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. યુઝર્સનું કહેવું છે કે ભૂતપૂર્વ પાકિસ્તાની ખેલાડીએ ICC નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. અહેમદને તેના ઘૃણાસ્પદ કૃત્ય માટે સજા મળવી જોઈએ.

આંતરરાષ્ટ્રીય મેચો દરમિયાન ખેલાડીઓ, કોચિંગ સ્ટાફ અને મેચ અધિકારીઓ માટે નિયુક્ત વિસ્તારોમાં કોઈપણ મોબાઈલ ઉપકરણનો ઉપયોગ ડખઘઅ (ખેલાડીઓ અને મેચ અધિકારીઓના ક્ષેત્ર) નિયમો હેઠળ સખત રીતે નિયંત્રિત થાય છે, જે ICC ભ્રષ્ટાચાર વિરોધી સંહિતા હેઠળ લાગુ કરવામાં આવે છે. ICC નિયમો સ્પષ્ટપણે જણાવે છે કે મોબાઈલ ફોન, સ્માર્ટવોચ, ટેબ્લેટ અથવા કોઈપણ અન્ય ઈલેક્ટ્રોનિક ઉપકરણ જે ઈન્ટરનેટ અથવા Wi-Fi દ્વારા બહારની દુનિયા સાથે કનેક્ટ થઈ શકે છે તેનો ઉપયોગ ડગઆઉટ્સ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં કરી શકાતો નથી. આનો હેતુ મેચ દરમિયાન કોઈપણ અયોગ્ય માહિતી શેરિંગ, સટ્ટાબાજી અથવા ભ્રષ્ટાચારની શક્યતાને સંપૂર્ણપણે દૂર કરવાનો છે.



# ATPL સિઝન ૧૦ના બીજા દિવસે સરેરાશ રેન્કિંગ આકાર લેતા સ્કોરબોર્ડ ગરમાયા

ATPL સિઝન ૧૦ – ૨૦૨૬ માં બીજા દિવસે વધુ એક રસપ્રદ પ્રકરણ જોવા મળ્યું કેમ કે ગ્રૂપ છ અને ગ્રૂપ ъ માં તીવ્ર સ્પર્ધાએ ટુર્નામેન્ટના સ્ટેન્ડિંગ્સને ફરીથી આકાર આપ્યો હતો. કુલ સ્કોર અને સરેરાશ રેન્કિંગ હવે સ્પષ્ટ થઈ રહ્યા છે બીજા દિવસની ગતિને વ્યાખ્યાયિત કરવામાં અને પીછો કરનારા પેકથી આગળના ખેલાડીઓને અલગ કરવામાં મહત્વપૂર્ણ સાબિત થયો.

ગ્રૂપ છ માં, GUTC હોટશોટ્સે મજબૂત પ્રદર્શન સાથે ગતિ સેટ કરવાનું જારી રાખ્યું હતું. કુલ ૩૮ નો સ્કોર અને ૩૮ ની પ્રભાવશાળી સરેરાશ સાથે રેન્કિંગ જાળવી રાખ્યો હતો. ટોચનું સ્થાન મજબૂત રીતે જાળવી રાખ્યું. નવરંગ બ્લોસમ બ્લાસ્ટર્સે પહેલા અને બીજા દિવસમાં કુલ ૭૧ પોઈન્ટ સાથે તેમના પડકારને મજબૂત બનાવ્યો, ૩૫.૫ ની મજબૂત સરેરાશ રેન્કિંગ પ્રાપ્ત કરી, તેમને જૂથની સૌથી સુસંગત ટીમોમાંની એક બનાવી. AB કોર્ટ ડોમિનેટર્સે નિયંત્રિત અને કેન્દ્રિત ગેમપ્લે દર્શાવતા કુલ ૨૮ ના સ્કોર અને ૨૮ ના સરેરાશ રેન્ક સાથે ત્રીજું સ્થાન મેળવ્યું. YMCA લક્ષ્ય ફાઈટર્સે કુલ ૪૦ પોઈન્ટ અને સરેરાશ ૨૦ રેન્કિંગ સાથે પોતાનું સ્થાન સુધાર્યું, જ્યારે ACTF રાઈઝિંગ સ્ટાર્સે બીજા દિવસને અંતે ૩૧ કુલ પોઈન્ટ અને સરેરાશ ૧૫.૫ રેન્ક સાથે તેમની લડાઈની ભાવના માટે સન્માન મેળવ્યું.



સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

સોમવાર, તા.૦૨ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં 'ગુજરાત ગાર્ડિયન' અખબારના ૧૫ વર્ષમાં પ્રવેશના અવસરની ઉજવણી

- લોકશાહીના રખેવાળ અને ચોથી જાગીર એવા નીડર પત્રકારત્વનું પ્રતિબિંબ ગુજરાત ગાર્ડિયનના પાનાઓ પર પડે છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ
- તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ અખબાર શરૂ કરવાની પ્રેરણા અને વિચારબીજ રોપ્યું હતું : ગુજરાત ગાર્ડિયનના એડિટર મનોજભાઈ મિસ્ત્રી





**સુરત,તા.૦૨**

દક્ષિણ ગુજરાતના અગ્રીમ અખબાર 'ગુજરાત ગાર્ડિયન'ની સ્થાપનાને ૧૪ વર્ષ પૂર્ણતા અને ૧૫મા વર્ષમાં પ્રવેશના અવસરે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને સુરતના સરસાણા કન્વેન્શન સેન્ટર ખાતે ઉજવણી સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના જીવનકવન અને સિદ્ધિઓને આવરી લેતી કોફી ટેબલ બુક- 'ધ ગાર્ડિયન્સ ઓફ સિટી'નું વિમોચન અને વિવિધ ક્ષેત્રમાં આગવું પ્રદાન કરનારા નામાંકિત ઉદ્યોગકારો, સમાજસેવકો, તબીબો મળી કુલ ૩૪ જેટલી હસ્તીઓને એવોર્ડ વિતરણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું.

ગુજરાત ગાર્ડિયનના ૧૫મા વર્ષમાં શુભ પ્રવેશ પ્રસંગે અખબારના સમગ્ર પરિવારને શુભેચ્છા આપતા મુખ્યમંત્રીશ્રીએ પત્રકાર અને તંત્રી તરીકે સમાજમાં મનોજભાઈના વિશિષ્ટ યોગદાનની પ્રશંસા કરી હતી. વર્ષો સુધી લેખનરૂપી તેમના કાર્યમાં જાળવેલી શાલીનતાના વખાણ કરી તેને અન્યો માટે પ્રેરણારૂપ જણાવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, છેલ્લા ૧૪ વર્ષથી દૈનિક ધોરણે લોકોનો અવાજ બની વિશ્વસનીયતા અને જવાબદારી સાથે મનોજભાઈએ પત્રકારત્વની નૈતિકતાને જીવંત રાખી છે. લોકશાહીના રખેવાળ અને ચોથી જાગીર એવા પત્રકારત્વનું પ્રતિબિંબ ગુજરાત ગાર્ડિયનના પાનાઓ પર પડે છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, નગરચર્યા કોલમ દ્વારા મનોજભાઈએ સમાજના વાસ્તવિક પ્રશ્નો, મુદ્દાઓ પર સત્તાધીશોનું ધ્યાન દોર્યું છે. સાથોસાથ તેમની તટસ્થ લેખનશૈલીની પ્રશંસા કરી હતી. જેના દ્વારા સરકારની ટીકા સાથે તંત્રના ઉમદા અને જનહિતલક્ષી કાર્યોની નોંધ લઈને તેમની કોલમમાં સરાહના કરી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, પ્રશાસનિક તંત્ર કે સમાજના ધબકારને ઝીલીને ગુજરાત ગાર્ડિયને સમાજસેવાની પણ જ્યોત જલાવી છે. સતત જાગૃત્ત રહીને લોકપ્રશ્નોને પ્રાધાન્ય આપીને અખબારી ફરજને સુપેરે નિભાવી છે.

'ગુજરાત ગાર્ડિયન' અખબારે વાચકવર્ગની લાગણીઓને સમજી લોકભોગ્ય વાંચનસામગ્રી આપી અખબારી જગતમાં તેમજ વાંચકોના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ મનોજભાઈને અખબારી રાહે સમાજમાં સકારાત્મક જન જાગૃતિ લાવનાર આ અખબાર આવનારા દિવસોમાં વધુ પ્રગતિશીલ બની રહે અને કલમના માધ્યમથી સમાજના હિતમાં અવિરત યોગદાન આપતું રહે એવી શુભેચ્છા પાઠવી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ૧૪ વર્ષ પહેલા લોકાર્પિત કરાયેલા ગુજરાત ગાર્ડિયન અખબારના સફરની સ્મૃતિ વાગોળી હતી. પત્રકાર અને તંત્રીથી વધુ અદકેરા વ્યક્તિત્વના ધની મનોજભાઈના યોગદાનની પ્રશંસા કરી હતી. સાથે જ આદર્શ તંત્રી તરીકે તેમણે હંમેશા સુરત અને ગુજરાતના હિતમાં કરેલા પત્રકારત્વની પ્રશંસા કરી હતી.

કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલે પ્રાસંગિક ઉદ્દબોધન કરતા ગુજરાત ગાર્ડિયન અને તંત્રીશ્રી મનોજભાઈને અભિનંદન આપ્યાં હતા. અખબાર જગતમાં ૧૪ વર્ષની મનોજભાઈની સંઘર્ષગાથા વર્ણવી હતી. સાથે જ આજના AI અને સોશિયલ મીડિયાના યુગમાં શાખ અને સભ્યતા જાળવી લોકોને જવાબદારી ભરેલુ પત્રકારત્વ પીરસવા માટે અભિનંદન પાઠવ્યાં હતા. તેમણે પત્રકારત્વની હાંક અને ધાક સાથે લોકપ્રહરીની ભૂમિકા ભજવનાર મનોજભાઈની કાર્યશૈલીની સરાહના કરી હતી. અંતમાં મિષ્ટાન ફરસાણ સહિતની સંપૂર્ણ થાળીની જેમ ગુજરાત ગાર્ડિયન દ્વારા વાંચકોને પીરસાતી વિવિધતાના વખાણ કરી તેને અવિરત રાખવા અનુરોધ કર્યો હતો.

સ્વાગત પ્રવચન કરતા ગુજરાત ગાર્ડિયનના તંત્રીશ્રી મનોજભાઈ મિસ્ત્રીએ 'ગુજરાત ગાર્ડિયન'ની અખબારી સફર અને સંઘર્ષની ઝાંખી

અનુસંધાન પાના ૭ પર

# એરપોર્ટ નજીક પુરપાટ દોડતી મોટર કારે ત્રણ કાર, બે મોપેડને ઉડાડતા ત્રણ લોકો ઘાયલ

## ડ્રાઈવીંગ કરતા વિરલ દેસાઈની ઈલેક્ટ્રીક લકઝરી કાર બેકાબુ બનતા મોડી રાત્રે સર્જાયો વાહન અકસ્માત

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૨**

શહેરના પોશ ગણાતા મગદલ્લા-ડુમસ વિસ્તારમાં આવેલા એરપોર્ટ રોડ પર અવધ ઉટોપિયા નજીક ગત મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. માલેતુજાર પરિવારના યુવક એવા વિરલ દેસાઈએ પોતાની પૂરપાટ ઝડપે જતી લક્ઝરી કાર પરથી કાબૂ ગુમાવતા રસ્તા પર ઉભેલા વાહનોના ફુરચા બોલાવી દીધા હતા. આ સાથે ત્રણ કાર અને બે મોપેડને ટક્કર મારતા ત્રણ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા છે.

મોડી રાત્રે મહિન્દ્રા BE 6 (ઈલેક્ટ્રિક લક્ઝરી કાર)ના ચાલકે રોડને જાણે રેસિંગ ટ્રેક સમજી લીધો હતો. કારની ઝડપ એટલી પ્રચંડ હતી કે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. આ બેકાબૂ કારે રોડ પર પાર્ક કરેલી ૩ કારને જોરદાર ટક્કર મારી હતી. સાથે ૨ મોપેડને પણ ઉડાવ્યા હતા. સદનસીબે આ અકસ્માત મોડી રાત્રે સર્જાયો હોવાથી અને વાહનો પાર્ક કરેલા હોવાથી કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ વાહનોને મોટું આર્થિક નુકસાન પહોંચ્યું છે.

અકસ્માત સર્જનાર યુવકની ઓળખ વિરલ દેસાઈ તરીકે થઈ છે, જે પોતે પણ આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયો છે. જેથી તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડીને સારવાર કરવામાં આવી રહી છે. જોકે ઘટનાના થોડા જ સમયમાં મામલો થાળે પાડવા અને નબીરાને બચાવવા માટે પ્રયાસો શરૂ થઈ ગયા હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. અકસ્માત બાદ એવી વાત વહેતી કરવામાં આવી હતી કે ચાલક યુવકને ચાલુ ગાડીએ 'ખેંચ' આવી હતી, જેના કારણે અકસ્માત થયો હતો.

બનાવની જાણ થતા જ ડુમસ પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોનો કબજો લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# ગજેરા અને મહાકાલ ગ્રુપના ૧૫ જેટલા સ્થળો પર આઈટીએ રેડ સમેટી લીધી

## ગજેરાબંધુઓના ઢગલાબંધ દસ્તાવેજો કબજે કરાયા : અમુક સ્થળો પર ચાલતી તપાસ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૨**

શહેરના રીયલ એસ્ટેટ લક્ષ્મી ડાયમંડ વસંત ગજેરા તેમજ મહાકાલ ગ્રુપને ત્યાં ચાલી રહેલી ડીડીઆઈ વિંગની તપાસ આજે બપોર સુધી પણ યથાવત રહી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. ૧૫૦૦ કરોડથી વધુના નાણાકીય વ્યવહારો પણ સામે આવવાની શક્યતાઓ અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે દુબઇ અને હોંગકોંગના હવાલાના નેટવર્ક પર પણ તપાસ કેન્દ્રીત થઇ છે. ગઇકાલે ૧૫ જેટલા સ્થળોએ તપાસ પુર્ણ થઇ હતી. જ્યારે અમુક સ્થળો પર આજે પણ રેડની કામગીરી, ચાલુ હોવાનું જાણવા મળે છે. પાંચ દિવસથી ચાલતી આ તપાસ કુલ ૨૭ ઠેકાણે ચાલી હતી. જેમાં વસંત ગજેરાની ઓફીસો, ઘર, પ્રોજેક્ટો ઉપરાંત રીયલ એસ્ટેટમાં મોટાપાયે રોકાણ કરનાર ભાગીદારો પર પણ તપાસનો ગાળીયો કસાયો હતો. અત્યારસુધીમાં ડેપ્યુટી ડીરેક્ટોરેટ ઓફ ઇન્કમટેક્ષ દ્વારા ૨૫ કરોડની જ્વેલરી રોકડ કબ્જે કરવામાં આવી હોવાનું સુત્રો પાસેથી જાણવા મળ્યું છે.

ડીડીઆઇ વિંગ દ્વારા લક્ષ્મી ડાયમંડ ઉપરાંત રીયલ એસ્ટેટમાં વસંત ગજેરા સહિત ભાગીદારો અનિલ બગદાણાનાં ધંધાકીય સ્થળો, ઓફીસો, પ્રોજેક્ટો પર સર્ચ દરમિયાન થોકબંધ જમીન મિલ્કત પ્રોજેક્ટને લગતા દસ્તાવેજો મળી આવતા તેને અધિકારીઓ દ્વારા કબ્જે કરવામાં આવ્યા છે. આજે બપોર સુધી આ તપાસ ચાલી હોવાનું પણ સુત્રો દ્વારા જાણવા મળી રહ્યું છે. જ્વેલરી, રોકડ મળી કુલ ૨૫ કરોડની મત્તા કબ્જે લેવાઇ છે.

લક્ષ્મી ડાયમંડની એક ઓફીસમાંથી મળેલા ડોક્યુમેન્ટની જીણવટ ભરી તપાસ ડીડીઆઇ વિંગના અધિકારીઓ કરી રહયા છે. રીયલ એસ્ટેટ તેમજ ડાયમંડ પેઢી મારફતે થયેલી આવક સામે ટેક્સ ચોરી કરવા માટે વિદેશમાં હવાલા કરાયા હોય આ બાબતે પણ હવાલા ઓપરેટર અંગે પણ અધિકારીઓ કામે લાગ્યા છે.

# રિક્ષા લેવા રૂપિયા બે લાખની માગણી કરતા દીકરાના હાથે પિતાની હત્યા

## પાંડેસરામાં પુત્રએ પિતાનું માથું દીવાલ સાથે અથડાવી હત્યા કરી

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૨**

પાંડેસરા વિસ્તારમાં રહેતા મુળ બિહારના એક પરિવારના પુત્રએ પિતા સાથે રીક્ષાના રૂ.૨ લાખ બાબતે માથાકુટ કરી પિતાએ રીક્ષા લેવા માટે રૂપીયા નહીં આપતા પિતાને ઢીક મુક્કીનો માર મારી માથું દિવાલ સાથે ભટકાડી હત્યા કરી દેવાઇ હતી. આ મામલે પાંડેસરા પોલીસે ખુનનો ગુનો નોંધ્યો હતો.

પાંડેસરા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ બિહારના પટના જિલ્લાના પાલીગંજ લાલગંજ સહેરા ખપુરા ગામના વતની અને રીક્ષા ચલાવતા નીતેશ જયવંત પાસવાને પાંડેસરા પોલીસ મથકે તેના નાના ભાઇ જગદીપ ઉર્ફે નિશાંત પાસવાન (રહે. પહેલા માળે, આર્શિવાદનગર, મહેન્દ્રભાઇની ચાલ, વડોદ, પાંડેસરા) સામે ખુનનો ગુનો નોંધાવ્યો છે.

જેમાં જણાવ્યા અનુસાર ગઇ તા.૩૦ જાન્યુઆરીના રોજ બપોરના સમયે જગદીપ ઉર્ફે નિશાંતે તેના પિતા જયવંત પાસવાન પાસે રીક્ષા ખરીદવા માટે ૨ લાખ રૂપીયા માંગ્યા હતા. જોકે પિતાએ રૂપીયા આપવાની ના પાડતા જગદીપ ઉશ્કેરાયો હતો અને પિતાને લાફા મારી તેમજ ઢીક મુક્કીનો માર મારી દિવાલ સાથે માથુ ભટકાડી ગંભીર ઇજા કરતા પિતાનું મોત નિપજ્યું હતું.

# રાંદેર અને અઠવા ઝોનમાં બુધવારે પાણી વિતરણ બંધ

## તા.૫મીના રોજ અસરગ્રસ્ત વિસતરોમાં પાણી ઓછા પ્રસેરથી આવશે

**સુરત, તા.૨**

ઓછા પ્રેશરથી/ઓછા જથ્થામાં/ નહીવત મળવા અંગેની અગત્યની જાહેરાત સુરતના શહેરીજનોને સુરત મહાનગરપાલિકા ધ્વારા અપાતી તમામ સેવાઓ શ્રેષ્ઠત્તમ કક્ષાની મળી રહે તે માટે સુરત મહાનગરપાલિકા હરહંમેશ કટીબધ્ધ છે. સુરત મહાનગરપાલિકાનાં રાંદેર વોટર વર્કસ ખાતે ૧૬૦ એમ.એલ.ડી. ક્ષામતાના વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં ફીલ્ટર બેડમાંથી નીકળતી ૪૫૦મી.મી. વ્યાસની નળીકાનું ૧૪૨૯ મી.મી. વ્યાસની ટ્રીટેડ વોટર લાઈન સાથેનું જોડાણ તથા ૧૪૨૯ મી.મી. વ્યાસની ટ્રીટેડ વોટર લાઈન પર થી ૧૨૦૦ મી.મી. વ્યાસની નળીકા જોડાણ કરી હયાત અંડરગ્રાઉન્ડ ટાંકીમાં ઈનલેટની જોડાણની કામગીરી કરવાની હોય તા.૦૪/૦૨/૨૦૨૬, બુધવારના રોજ સવારે ૯:૦૦ વાગ્યા બાદ થી તા.૦૫/૦૨/૨૦૨૬, ગુરૂવારના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી રાંદેર વારીગૃહથી પાણીનો જથ્થો મેળવતા નીચે મુજબના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો સંપૂર્ણ બંધ રહેશે તથા તા.૦૫/૦૨/ ૨૦૨૬, ગુરૂવારના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યા બાદના દિવસ

અનુસંધાન પાના ૭ પર



# અઠવાના ઓલપાડી મહોલ્લામાં ઉભરાતી ગટરોના કારણે ભારે ગંદકી

## ગંદકીથી ત્રસ્ત સ્થાનિક લોકો દ્વારા મ્યુનિ. કમિશનરને ફરિયાદ

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૨**

અઠવા ઝોન અંતર્ગત આવતા વોર્ડ ન.૨૧ ઓલપાડી મહોલ્લામાં છેલ્લા ઘણા સમયથી ગટરો ઉભરાવવાને કારણે લોકો બિમારીનો ભોગ બની રહયા છે. દુષિત દુર્ગંધ મારતુ પાણી ઉભરાઇ રહયુ હોય આ અંગે ઝોનમાં રજુઆત અને ઓનલાઇન કમ્પ્લેઇન કરવા છતાં કોઇ નિરાકરણ આવ્યું ન હોય સ્થાનિક રહીશો દ્વારા એડવોકેટ મારફતે મજુરા ધારાસભ્ય, મનપા કમિશનર તેમજ ઝોનનાં ઉચ્ચ અધિકારીઓને લેખિતમાં અરજી કરી છે. સ્વચ્છ સુરત સુંદર સુરતની છબીને જાળવી રાખવા માટે રહેણાંક સોસાયટી મહોલ્લાઓમાં આટલી હદે ફેલાયેલી ગંદકી તાત્કાલિક અસરથી કાયમી ધોરણે દુર કરવા રજુઆત કરવામાં આવી છે.

એડવોકેટ કોમલ સી.પટેલ મારફતે ઓલપાડી મહોલ્લાના રહીશોએ એક લેખિત રજુઆત મનપા કમિશનરથી લઇ ઝોનના અધિકારીઓને કરી છે. રજુઆતમાં જણાવ્યું છે કે, પરિવારના સભ્યો સોસાયટીના રહીશો સ્વાસ્થય બાબત તેમજ સ્વચ્છ ભારત સ્વચ્છ સુરત અભિયાન અને સત્યાગ્રહ સે સ્વચ્છતા તક ચલાવવામાં આવતા ઘર ઘર શેરી શેરી ગામ-ગામ શહેર શહેર સ્વચ્છતાના સુત્રો અંતર્ગત ઓલપાડી મહોલ્લામાં ફેલાયેલી ગંદકી પણ દુર કરવામાં આવે. ઓલપાડી મહોલ્લાના રહીશોના સ્વાસ્થયને ગંભીર અસર પહોંચી રહી હોય ઉભરાતી ગટરો અને ગંદકીનું કાયમી ધોરણે નિરાકરણ કરવામાં આવે તે જરૂરી થઇ પડયું છે. એસએમસીની ડ્રેનેજ ચોકઅપ થવા અંગે ત્રણ ત્રણ ફરીયાદો કરવામાં આવી હોવા છતાં કોઇ નિરાકરણ નહીં આવતા એડવોકેટ કોમલ સી.પટેલ દ્વારા ધારાસભ્યથી માંડીને મનપા કમિશનર અને અઠવા ઝોનના અધિકારીઓને લેખિતમાં રજુઆત કરાઇ છે.

# ચોકબજારમાં મેટ્રો પ્રોજેક્ટ પાસેની કેટલીક જૂની ઈમારતો જોખમી જાહેર



## જોખમી મકાનો ખાલી કરાવી ગ્રાઉટિંગ દ્વારા ઈમારતના પાયા મજબૂત કરવાનું કામ શરૂ કરાયું

**પ્રતાપ પ્રતિનિધિ,સુરત,તા.૦૨**

સુરત મેટ્રો પ્રોજેક્ટની અપ લાઇનનું ટનલિંગ કામ ચોક બજાર સ્ટેશન ખાતે અંતિમ તબક્કામાં છે. હાલ અંદાજે ૧૦૦ મીટર જેટલો ભાગ બાકી છે. ડાઉન લાઇનનું ટનલિંગ કામ ઓગસ્ટ ૨૦૨૫માં પૂર્ણ કરવામાં આવ્યું હતું. બાકી રહેલા આ ૧૦૦ મીટરના ટૂંકા ભાગમાં ટનલ બોરિંગ મશીન (TBM) ૫ થી ૬ બાકી રહેલી ઈમારતોની નીચેમાંથી પસાર થવાની છે. આમાંથી કેટલીક ઈમારતો જૂની તેમજ જર્જરિત હાલતમાં છે. મેટ્રોની એલાઈન્મેન્ટમાં આવતી બાકી તમામ ઈમારતો નદીની નજીક આવેલ છે અને ૪ થી ૬ મીટર પુરાણ કરેલી જમીન ઉપર નિર્માણ થયેલ છે.

પૂર્વસાવચેતીના પગલા તરીકે GMRC દ્વારા નિષ્ણાતો પાસેથી સર્વે કરાવવામાં આવ્યો છે. નિષ્ણાતોએ કેટલીક ઈમારતોને જર્જરિત, જોખમી તથા અસુરક્ષિત જાહેર કરી છે.

પૂર્વસાવચેતીરૂપે GMRC દ્વારા તમામ ઈમારતોના રહેવાસીઓને ઈમારતો ખાલી કરવા વિનંતી

અનુસંધાન પાના ૭ પર

# હોસ્પિટલમાં દાખલ બિલ્ડર તુષાર ઘેલાણીની હાલત ગંભીર

## પોતાની જાતે ગોળી મારી આપઘાતનો પ્રયાસ કરનાર ઘેલાણીની તબીબો દ્વારા સઘન સારવાર

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૨**

શહેરના પીપલોદ વિસ્તારમાં આવેલી સંગમ સોસા.માં રહેતા અને રિયલ એસ્ટેટ ગૃપોમાં જાણીતું નામ ધરાવતા તુષાર ઘેલાણીએ પુત્રીના લગ્નના ૪ દિવસ પહેલા જ પોતાના લમણે ગોળી ધરોબી દેતા તેમની હાલત કટોકટ થઈ ગઈ છે. મહાવીર હોસ્પિ.માં લઈ રહેલા તુષાર ઘેલાણીને મગજમાં ગોળીને કારણે ગંભીર ઈજાઓ પહોંચી છે. ત્યારે ડોક્ટરો પણ તેમનો જીવ બચાવવા માટે બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે.

તુષાર ઘેલાણીએ શનિવારની મોડી રાત્રિએ પત્ની સાથેના સામાન્ય ઝઘડા બાદ પોતાની પિસ્ટલથી જમણા કાનના ભાગે ગોળી મારી દીધી હતી. જેથી ગોળી તેમના કાન પાસેથી આરપાર નીકળી ગઈ હતી. દરમિયાન ૯ એમએમની બુલેટના પાર્ટીકલ્સ માથામાં ફસાયા હતા. હાલ સોમવારે પણ તુષાર ઘેલાણી હોસ્પિ.માં સારવાર હેઠળ છે. તેમની હાલત કટોકટ છે.

વધુમાં બિલ્ડર ઘેલાણીની મોટી દિકરીના ૫ તારીકે લગ્ન થવાના હતા. રવિવારે કંકોત્રી લેખનનો કાર્યક્રમ હતો. પરંતુ તેની પૂર્વ રાત્રીએ જ લગ્નમાં આમંત્રિતોને

અનુસંધાન પાના ૭ પર

# આરોપી નહીં મળતા થયેલો ૪૩૦ દિવસનો વિલંબ કોર્ટે માફ કર્યો

## અપીલને આગળ વધારવા અદાલતે ફરમાવેલો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત,તા.૦૨**

આરોપી ન મળતા ચેક રિટર્નના કેસમાં અપીલ દાખલ કરવામાં થયેલો ૧ વર્ષથી વધુનો વિલંબ કોર્ટે માફ કરતો હુકમ ફરમાવ્યો હતો અને અપીલને આગળ ધપાવવાનો હુકમ ફરમાવ્યો હતો.

આ કેસની વિગત એવી છે કે, અમરોલી ખાતે રહેતા પ્લમ્બરીગના કોન્ટ્રાક્ટર પ્રવિણ ચૌહાણે વકીલ પ્રગ્નેશ પટેલ મારફતે રાજકોટના પ્રેમજી દાના મકવાણા વિરૂદ્ધ સુરત કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. આ કેસમાં આરોપી પ્રેમજી લાંબા સમય સુધી મળી ન આવતા ટ્રાયલ કોર્ટે તેની વિરૂદ્ધની આ ચેક રિટર્નની ફરિયાદ રદ કરી હતી. બીજી તરફ પ્રેમજી મકવાણા વિરૂદ્ધ અમરોલી પોલીસ સ્ટેશનમાં ધમકીની ફરિયાદ પણ નોંધાઈ હતી. આ ધમકીના કેસમાં પ્રેમજી સુરત ખાતે કોર્ટ કાર્યવાહી દરમિયાન હાજર થતો હતો. જેની જાણ પ્રવિણ ચૌહાણને થઈ હતી. જેથી આરોપી પ્રેમજી વિરૂદ્ધનો ચેક રિટર્નનો રદ થયેલ કેસ ફરીથી ચલાવવા પ્રવિણ ચૌહાણે વકીલ મારફતે કાનુની પ્રક્રિયા શરૂ કરી હતી. જોકે, આરોપી પ્રેમજી વિરૂદ્ધ ચેક રિટર્નનો કેસ ચલાવવા એટલે કે સેશન્સ કોર્ટમાં અપીલ કરવા માટે ૩૦ દિવસની સમયમર્યાદા હતી. જોકે તેની સામે એક વર્ષથી વધારેનો વિલંબ થઈ ગયો હતો. જેથી પ્રવિણ ચૌહાણે વકીલ પ્રગ્નેશ પટેલ મારફતે અપીલ દાખલ કરવામાં થયેલા વિલંબ માટે માફી માગતી અરજી કરી હતી. કોર્ટે અવલોકન કર્યું હતુ કે, આરોપી પોતે જ ઉપલબ્ધ ન હોવાને કારણે ફરિયાદીએ મુશ્કેલી ભોગવવી પડી હતી. કોર્ટે? વિલંબની માફી અરજી મંજૂર કરી અપીલને આગળ ધપાવવો આદેશ આપ્યો હતો.